
# શ્રી આત્માનંદ પ્રકાશ

સંવત ૨૦૦૩ : પોષ



શ્રી શત્રુંજય : દેવનગર

પુસ્તક ૩૭ : અંક ૬ ઠ્ઠો

## શ્રી જૈન આત્માનંદ સભા
## ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય-પરિચય


| | | |
|---|---|---|
| ૧ કાયા ( પદ્ય ) | ( પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ ) | ૧૪૭ |
| ૨ અમારા સાચા કોણ ? ( પદ્ય ) | ( સ્વ. આ. શ્રી અજિતસાગરસૂરિ ) | ૧૪૮ |
| ૩ ધર્મશર્માભ્યુદય મહાકાવ્ય-અનુવાદ | ( ડૉ. ભગવાનદાસ મનસુખભાઈ મહેતા ) | ૧૪૯ |
| ૪ શ્રી શ્રુતજ્ઞાન | ( પંન્યાસ શ્રી ધર્મવિજયજી ગણિ ) | ૧૫૧ |
| ૫ જ્ઞાનની મહત્ત્વતા | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજ ) | ૧૫૫ |
| ૬ હિતશિક્ષાનો ખજાનો ગુજરાતી કહેવત સંગ્રહ | ( રાજપાલ મગનલાલ વહોરા ) | ૧૫૮ |
| ૭ સાચો મુમુક્ષુ કોણ? .... | .... .... | ૧૬૧ |
| ૮ સેવાધર્મ-દિગ્દર્શન | ( ઉદ્ધૃત ) | ૧૬૨ |
| ૯ સાચા ત્યાગી અને નિઃસ્પૃહી ભક્ત બનો | ... ... | ૧૬૪ |
| ૧૦ આત્માની ત્રણ અવસ્થા | ( મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૧૬૫ |
| ૧૧ ક્રિયા વિનાની શ્રધ્ધા શા કામની ?... | ... ... | ૧૬૭ |
| ૧૨ પ્રભુ મહાવીરે મોહમસ્ત જગતને ત્યાગધર્મ-જ કેમ આપ્યો ? | ( મુનિ શ્રી હંસસાગરજી મહારાજ ) | ૧૬૮ |
| ૧૩ પ્રવાહના પ્રશ્નો... ... | ... ... | ૧૭૧ |
| ૧૪ વર્તમાન સમાચાર... ... | ... ... | ૧૭૩ |
| ૧૫ સ્વીકાર સમાલોચના... ... | ... ... | ૧૭૪ |


---


**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગરની લાઇબ્રેરીના સભ્યોને નમ્ર સૂચના.**

કેટલાક સભાસદો તથા ડીપોઝીટ વગેરેથી બુકો લઇ જનાર વાચકોને વિનંતિ છે કે ઘણા લાંબા સમયથી લાઇબ્રેરીના કેટલાક વાચકો પાસે પુસ્તકો બાકી છે. તેઓએ પુસ્તકો સભાએ આપી જવા અથવા તેના પૈસા મોકલી આપવા વિનંતિ છે. આ બાબતની સૂચના જેના પાસે બુકો છે તેઓને આપવામાં આવેલ છે અને જેઓને સૂચના ન મળી હોય તેઓએ આ જાહેર સૂચનાને ધ્યાનમાં રાખી બુકો પાછી મોકલી અન્ય વાચકોને સરળતા કરી આપવા વિનંતિ છે.

---

## નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહ:

નિરંતર પ્રાતઃકાળમા સ્મરણીય, નિર્વિઘ્નપણું પ્રાપ્ત કરાવનાર, નિત્ય પાઠ કરવા લાયક નવ સ્મરણો સાથે બીજા પ્રાચીન ચમત્કારિક પૂર્વાચાર્યકૃત દશ સ્તોત્ર, તથા રત્નાકર પચ્ચીશી, અને બે યંત્રો વિગેરેનો સંગ્રહ આ ગ્રંથમા આપેલ છે. ઊંચા કાગળો, જૈની સુંદર અક્ષરોથી નિર્ણયસાગર પ્રેસમાં છપાયેલ, સુશોભિત બાઇન્ડીંગ અને શ્રી મહાવીરસ્વામી તથા ગૌતમસ્વામી અને બે પૂજ્યપાદ ગુરુ મહારાજાઓની સુંદર રંગીન છબીઓ પણ ભક્તિ નિમિત્ત સાથે આપવામાં આવેલ છે. આટલો મોટો સ્તોત્રોનો સંગ્રહ, છતાં સર્વ કોઇ લાભ લઇ શકે જે માટે મુદ્દલથી પણ ઓછી કિંમત માત્ર રૂા. ૦—૪—૦ ચાર આના. પોસ્ટેજ રૂા. ૦—૧—૩ મળી મંગાવનારે રૂા. ૦—૫—૩ ની ટીકીટો એક બુક માટે મોકલવી.


લખો: -**શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર.**


---

**"શ્રી આત્માનંદ પ્રકાશ" માસિકનું વાર્ષિક લવાજમ. રૂા. ૧-૮-૦ પોસ્ટેજ ચાર આના અલગ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક : ૩૭ મું : આત્મ સં. ૪૪ : વીર સં. ૨૪૬૬ : પોષ :
અંક : ૬ ઠ્ઠો : આ. શ. સં. ૩ : વિક્રમ સં. ૧૯૯૬ : જાન્યુઆરી :

## કા....યા

( રાગ : અવરમદન અલબેલો )

કાયા કચસી બની સો બિચારો, હમરી હૈ મોહ ઉતારો ॥ કાયા ॥ આંકણી ॥
માતપિતાકા મેલમલીના, સડ સડ હાડ બનાયા;
ચમડા રંગ રંગીલા પાયા, સાંધા ખૂબ બનાયા ॥ ૧ ॥ કાયા૦॥
ચામડી જીભ ચટોરી ઠગોરી, નવ નવ ખાના ખાવે;
પાક પકે નાપાક બનાવે, બૂદબો સબ વિખરાવે ॥ ૨ ॥ કાયા૦॥
મુંહ ફારે જબ લારા લટકે, નાકમેં બળગમ ઢેરા;
બાલ બાલમેં છેક હજારો, બહે ઝરણે ઝહેરા ॥ ૩ ॥ કાયા૦॥
રાધ રુધિર મલમૂત કુઠારા, ઊડત ગંધ ફુવારા;
નેક નજર નર મુખ મરોડે, ભાગે દેખ બુખારા ॥ ૪ ॥ કાયા૦॥
વિષય ભિખારી સમજકા અંધા, દુર્ગત દેહ ઠરાવે;
જીવન જ્યોતિ આતમરામા, દેહી વિદેહી મનાવે ॥ ૫ ॥ કાયા૦॥

પ્રવર્ત્તક શ્રી કાંતિવિજયજી મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારા સાચા કોણ ?

### સવૈયા

જે ભ્રાતા ભવબંધન ટાળે, એ જ અમારા સાચા ભ્રાત,
જે માતા સન્નીતિ શિખવે, એ જ અમારી મધુરી માત;
જે વાર્તા ભગવાન મિલાવે, કરવી ગમતી અમને એ વાત,
જે પિતા પ્રભુ પ્રેમ સમર્પે, પૂજ્યપાદ એ મ્હારા તાત. ૧
લાખો જન્મ ભમ્યો ભવ-વિપિને, ભમવા હવે નથી ઇચ્છાય,
માન્યું થાઉં પ્રતિદિન મ્હોટો પણ, પ્રતિપળ ઓછી ઉંમર થાય;
સુકૃત કરવા રહી ગયાં બાકી, અપકૃત્યોનો કુંભ ભરાય,
માયિક વિષયની નહિ વાંછા, પણ મનડું વિષયે લલચાય. ૨
સૂર્યપ્રકાશ નિહાળી હરખ્યો, જાણ્યું હતું કે રહેશે આમ,
રહી નહિ એ ભાસ્કરની આભા, અસ્ત થવા લાગ્યો ઉદ્દામ;
જેમાં હું મ્હારું કરતો 'તો, લાગ્યું હવે નહિ મ્હારું કોઇ,
પ્રોઇ વૃત્તિ જ્ઞાને કે ભાસ્યું, જોઇ જોઇ બધી દુનિયા જોઇ. ૩
હરું ફરું દુનિયામાં તો પણ, ગણું દુનિયા નહિ મારી ખાસ,
જળનું પાન કરું છું તો પણ, સાચી મટતી છે નહિ પ્યાસ;
બેન બંધુ માતા માનવને, જોઉં છતાંએ થાઉં ઉદાસ,
શિર સાધ્ય કીધેલાં કૃત્યો, તો પણ ફળની ત્યાગી આશ. ૪
અલખ મંત્રમાં લગની લાગી, પ્રભુ નામની લાગી ધૂન,
વ્યવહારે હું બોલું તો પણ, મનડું માને રહું છું મૌન;
દૃશ્ય વિશ્વનાં હર્મ્ય વાટિકા, ભર વસ્તિમાં તો પણ શૂન્ય,
પૂર્ણ વસ્તુના ચિંતન અર્થે, પ્રેમપૂર્ણ લાગે છે ધૂન. ૫
એ શીતળ શશીકાન્તિ સાથે, ધીમી અનિલની મધુરી લ્હેર,
એ જ તળાવો એ જ સરિતા, એ જ ગામડાં ને એ શહેર;
પુષ્પ બાગ દેખાતો નૌતમ, મધુ માલતીની કલીએ મ્હેર,
પ્રથમ વર્ષા અમૃતના સરખી, આજે એ જ થઇ ગઇ છે ઝેર. ૬
જે શય્યાએ મધુથી મીઠી, દૂર રહો પણ કરતો પ્રીત,
એ શય્યા ને એ પાથરણું, ભલે હજો પણ થઇ અપ્રીત;
દુર્ઘટ ઘાટ વિષમ ગિરિ ગહ્વર, હવે અમારો તત્ર નિવાસ,
ઘર જંગલ કે સર્વ મુકામે, વ્હાલો એક પ્રભુ પ્રભુ દાસ. ૭
હવે વસ્તુ ખુટવી નહિ ખૂટે, ચોર લોકથી નહિં લુંટાય,
પૂરણ કષ્ટ થશે જન નયને, પણ મ્હારું નહિ દિલ દુભાય;
આવો બાપુ ! સચ્ચાઇના મિત્રો ! જપીએ જીભે શ્રી જગરાય,
ઉલટ વાત બની રહી ઉત્તમ, અનુભવ પથ નહિ ઉચરી શકાય. ૮



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાકવિ શ્રી હરિચંદ્રવિરચિત

# ધર્મશર્માભ્યુદય મહાકાવ્ય

સમશ્લોકી અનુવાદ (સટીક)

( ગતાંક પૃષ્ઠ ૧૧૨ થી શરૂ )

ઉપજાતિ.

## કોશલ દેશ વર્ણન

સદા પ્રતિબિંબ જલે પડે છે,
એવા તટિની તટના તરુઓ;
જ્યાં ઊર્ધ્વવર્ત્તી રવિના પ્રતાપે,
પ્રયત્ન શું મજ્જનના કરે છે ! ૪૯

જ્યાં ક્ષેત્રની પાલક બાલિકાના,
ઉલ્લોલ ગીતો સુણતાં સ્થિરાંગ;
માર્ગે મૃગોના યૂથનેય પાંથ,
માની રહ્યા લેપ્યની મૃત્તિકાના. ૫૦

આ-સ્કંધ સીધી, બહુ પુષ્પ-પત્ર-
શાખા વિંટેલી તરુપંક્તિ યત્ર;
છત્રશ્રી ધારંતી મયૂરપત્રે,
ભાખે જ દેશાધિપતિત્વ અત્રે. ૫૧

## સુમનોનંદની ટીકા

૪૯. જે કોશલ દેશમાં નદીકિનારે આવેલા વૃક્ષોના પ્રતિબિંબો જલમાં પડે છે તેને અંગે કવિ **ઉત્પ્રેક્ષા** કરે છે: ઊંચે આવેલા સૂર્યના તાપથી તે વૃક્ષો જાણે સ્નાન કરવાના પ્રયત્નો કરી રહ્યા હોયની ! આ ઉપરથી ત્યાંના નદીકિનારાનું સૃષ્ટિસૌંદર્ય વ્યક્ત કર્યું છે.

૫૦. જે દેશમાં, ક્ષેત્રની રખેવાળ બાલિકાઓના ઉદ્દામ સ્વરે-મુક્તકંઠે ગવાતા ગીતો શ્રવણ કરતાં જેના અંગ નિશ્ચલ થઇ ગયા છે, એવા માર્ગે આવેલા મૃગલાઓના જૂથને પથિકજનો લેપ્ય-મય બનેલા હોય એમ માની રહ્યા છે ! અત્રે ખેડૂત-બાલિકા જેવીનું પણ સંગીત જેવી લલિત કલામાં કેવું પ્રાવીણ્ય છે તે સૂચવ્યું છે.

૫૧. થડ સુધી સરલ-સીધી, બહુ પુષ્પ-પત્ર-શાખાના વલયથી વિંટાયલી, અને મયૂરપત્રવડે છત્રની શોભા ધારણ કરતી, એવી વૃક્ષશ્રેણી, જે દેશનું, સર્વ દેશમાં જાણે અધિપતિપણું પ્રકાશી રહી છે.-ઉત્પ્રેક્ષા. વૃક્ષોનો છત્ર-આકાર યોગ્ય રીતે ઘટાવ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યાં ભૃંગપંક્તિ સ્થલ પંકજોના,
સૌરભ્ય લોભે ભમતી જ સામે;
પાંથોતણા ચંચલ લોચનોના,
બંધાર્થ શું લોહની શ્રૃંખલા છે! ૫૨

સુરમ્ય તે તાદૃશ દેશ છોડી,
ખારા સમુદ્રે નદી જાય દોડી;
તે કારણે તેહ જડાશયોનું,
છે નિમ્નગામિત્વ પ્રસિદ્ધ માનું! ૫૩

ભૂ-કંઠમાં લોટતી અબ્જમાલે,
શોભંતી જે ગોધનશ્રેણી ચાલે;
તે જાસ દિગ્મંડલ મંડવાને,
વિસ્તારિણી કીર્ત્તિ જ હોય જાણે! ૫૪

કલ્પદ્રુ કલ્પિતદ જીતવાને,
વિહંગના ઉચ્ચ સ્વરોથી જાણે;
આહ્‌વાન વૃક્ષો દૂરથી કરીને,
અચિન્ત્ય આપે ફલ જ્યાં જનોને. ૫૫

—ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા.

**૫૨.** જ્યાં,–સ્થલકમલોની સુગંધીના લોભે ભ્રમરપંક્તિ સામે ભમતી આવે છે, તે માટે **ઉત્પ્રેક્ષા** કરે છે: તે શું જાણે પથિકોની ચંચલ ચક્ષુઓના બંધન અર્થે લોહાની સાંકળ હોયની!

**૫૩.** તે તેવો રમ્ય દેશ છોડીને નદીઓ ખારા સમુદ્ર પ્રત્યે જાય છે તેને અંગે **ઉત્પ્રેક્ષા** કરી છે કે તે કારણથી જ તે જડાશયોનું નિમ્નગામીપણું પ્રસિદ્ધ છે એમ હું માનું છું.

**જડાશય : શ્લેષ** (૧) જલાશય નદી, (૨) જડ આશયવાળી.

**નિમ્નગામિ : શ્લેષ** (૧) નીચ પ્રત્યે ગમન કરનાર, (૨) નદી.

**૫૪.** ભૂમિ સુધી પહોંચતી પુંડરીકમાલાવડે શોભતી જે ગોધન પંક્તિ છે, તે જાણે દિશા-મંડલનું મંડન કરવાને વિસ્તાર પામતી તે દેશની કીર્તિ હોયની! **ઉત્પ્રેક્ષાલંકાર.** અત્રે તે દેશમાં ગોધનની વિપુલતા દર્શાવી છે.

**ભૂ-કંઠ : શ્લેષ** (૧) ભૂમિ–જમીનનો વિકટ ભાગ (માલાપક્ષે)
(૨) પૃથ્વીનો કાંઠો–સીમાડો (કીર્તિ પક્ષે).
(પૃથ્વીના કાંઠા-સીમાડા સુધી પહોંચતી કીર્તિ)

**૫૫.** કલ્પિત વસ્તુ આપનાર કલ્પવૃક્ષને જાણે જીતી લેવાને હોયની! એમ જ્યાં વૃક્ષો ઊંચા પક્ષી-નિનાદોવડે લોકોને બોલાવીને, અચિન્ત્ય (નહિં ચિંતવેલ) ફલ આપે છે.–કલ્પવૃક્ષ તો કલ્પિત–ચિંતવેલ ફલ આપે છે. અત્ર વૃક્ષો અચિન્ત્ય ફલદાતા છે એ તેનું ચઢીયાતાપણું સૂચવે છે. **ઉત્પ્રેક્ષાલંકાર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી શ્રુતજ્ઞાન

લેખક : શાસનપ્રભાવક શ્રીમદ્ વિજયમોહનસૂરીશ્વરજી પ્રશિષ્ય
પં. શ્રી ધર્મવિજયજી ગણિ

[ ગતાંક પૃષ્ઠ ૧૦૨ થી શરૂ ]

## અપૂર્વકરણ—

**આ** આત્મા સંસારચક્રમાં અનન્તાકાલથી પરિભ્રમણ કરતો આવ્યો છે, પ્રતિસમયે વર્તતા તે તે પ્રકારના વિવિધ અધ્યવસાયોદ્વારા નવીન કર્મબંધ કરવા સાથે પૂર્વબધ્ધ કર્મમાં પણ સ્થિતિ-રસની હાનિવૃધ્ધિ કરવી, એક સાથે વધુ કર્મ-દલિકોને ભોગવવા ઇત્યાદિ અનેક પ્રકારના ફેરફારો પણ આ આત્માને થયા કરે છે. સંસાર-ચક્રમાં પરિભ્રમણ કરતા આ આત્માએ અનન્ત ભવો કર્યા અને તે ભવો પૈકી ઘણાય ભવોમાં અમુક અંશે પૂર્વબધ્ધ કર્મની સ્થિતિમાં તથા રસમાં હાનિ કરી હશે, અને એમ કરવાથી અમુક હદની રાગદ્વેષની મન્દતા પણ કરી હશે, પરંતુ 'અપૂર્વકરણ' નામના આ અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ કાલમાં આત્મા જે વિશિષ્ટ અધ્યવસાયોદ્વારા કર્મની સ્થિતિમાં તથા રસમાં હાનિ કરે છે અને એ પ્રમાણે કરતો ક્રમશઃ રાગદ્વેષના તીવ્ર દુર્ભેદ્ય મોહ પટલ(જેને ગ્રન્થિસ્થાન કહેવું છે તે)ને તોડી નાંખે છે તેવો પ્રસંગ આ આત્મા માટે અપૂર્વ જ છે, સર્વથી પ્રથમ છે. આ માટે જ આ અન્તર્મુહૂર્ત કાળમાં વર્તતા અધ્યવસાયોના સમુદાયને અપૂર્વકરણ એવું સાન્વર્થ નામ જ્ઞાની મહર્ષિઓએ આપ્યું છે. 'करणं परिणामोऽत्र' એ આપ્ત વાક્ય મુજબ 'કરણ'નો અર્થ પરિણામ-અધ્યવસાય લેવાનો છે. અપૂર્વ અર્થાત્ ભવચક્રમાં પરિભ્રમણ કરતાં કોઇપણ વખતે અદ્યાવધિ પ્રાપ્ત નહિં થયેલા અધ્યવસાયો જે અન્તર્મુહૂર્ત પ્રમાણ અવસ્થા વિશેષમાં વર્તતા હોય તેનું નામ 'અપૂર્વકરણ' કહેવાય છે.

## અપૂર્વકરણમાં થતા વિશિષ્ટ કાર્યો અને તેનું સંક્ષિપ્ત સ્વરૂપ—

અપૂર્વકરણમાં દાખલ થતાની સાથે જ **સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ** અને **અભિનવસ્થિતિબંધ** આ ચાર કાર્યોનો એક સાથે પ્રારંભ થાય છે. સ્થિતિઘાત, રસઘાત વિગેરે કેવી રીતે થાય છે તેનું સ્વરૂપ આ પ્રમાણે,—

**સ્થિતિઘાત**–સીધી લાઇન ૩૫ સત્તામાં રહેલી અંતઃકોડાકોડિ સાગરોપમપ્રમાણ સ્થિતિ સંબંધી ઉપરના અર્થાત્ સર્વ-પશ્ચાત્ ઉદયમાં આવવા યોગ્ય છેલ્લા ભાગમાંથી ઉત્કૃષ્ટપણે સેંકડો સાગરોપમપ્રમાણ અને જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ-પ્રમાણ સ્થિતિખંડને ઉકેરે છે. એટલે તેટલા ભાગમાં રહેલા પૂર્વોક્ત સ્થિતિવાળા કર્મદલિકોને ત્યાંથી ઉઠાવે છે, અને તે દલિકોને જે સ્થિતિ-સ્થાનોમાં રહેલા દલિકો વર્ત્તમાનમાં અનુભવાતા નથી તે નીચેના સ્થિતિસ્થાનોમાં ગોઠવે છે. આવી ક્રિયા પ્રત્યેક સમયે અન્તર્મુહૂર્ત સુધી ચાલે છે. આ પ્રમાણે અન્તિમ સ્થિતિખંડના દલિકોનો ઉકેરવાનો વિધિ અન્તર્મુહૂર્તમાં પૂર્ણ થાય એટલે તુરત જ અન્તિમ સ્થિતિખંડથી અવ્યવહિતપણે રહેલા બીજા સ્થિતિખંડમાંના દલિકોનો ઉત્કિ-રણ વિધિ પ્રથમ જણાવી ગયા તે પ્રમાણે જ શરૂ થાય છે, તે બીજા સ્થિતિખંડના દલિકોને ઉકેરતાં પણ અન્તર્મુહૂર્ત લાગે છે, ત્યારબાદ ત્રીજો સ્થિતિખંડ, ત્યારબાદ ચતુર્થ સ્થિતિખંડ એમ અન્તર્મુહૂર્ત* પ્રમાણ અપૂર્વકરણ કાળમાં હજારો સ્થિતિખંડના દલિકોને ઉઠાવી નીચેની સ્થિતિમાં દાખલ કરે છે. આ પ્રમાણે થવાથી અપૂર્વ-કરણના પ્રથમ સમયે જેટલી સ્થિતિ હતી તેમાંથી

* અંતર્મુહૂર્તના અસંખ્ય ભેદ હોવાથી સ્થિતિઘાતના અંતર્મુહૂર્ત કરતાં અપૂર્વકરણનું અન્તર્મુહૂર્ત્ત ઘણું મોટું સમજવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર જણાવ્યા પ્રમાણે સ્થિતિઘાત થતાં અપૂર્વકરણના છેલ્લા સમયે સંખ્યાતગુણહીન ઓછી સ્થિતિ થાય છે, એટલે તેટલા પ્રમાણ સ્થિતિવાલા ( તેટલા ટાઇમમાં ભોગવી શકાય એવા ) કર્મદલિકોને તે ભાગમાંથી ખાલી કરે છે.

**૨. રસઘાત**—અશુભ પ્રકૃતિઓના સત્તામાં રહેલા રસાણુઓનાં અનંતા ભાગો કરી તેમાંના એક અનન્તા ભાગ સિવાય બાકીના સર્વ ભાગોનો ( રસાણુઓનો ) અન્તર્મુહૂર્ત્તમાં નાશ કરે છે, તે વાર પછી પહેલાં બાકી રાખેલા અનંતમા ભાગના અનન્ત વિભાગો કલ્પીને એક ભાગ સિવાય બાકીના તમામ ભાગોના રસાણુઓનો અન્તર્મુહૂર્ત્ત જેટલા ટાઇમમાં નાશ કરે. એ પ્રમાણે એક વિવક્ષિત સ્થિતિઘાત કરવામાં જેટલો સમય લાગે તેટલા સમયમાં હજારો વાર રસઘાત થાય છે. અને એવા હજારો રસઘાતવાળા સ્થિતિઘાતો અપૂર્વકરણમાં હજારો થાય છે, જે વાત સ્થિતિઘાતના વર્ણન પ્રસંગે જણાવવામાં આવેલ છે.

**૩. ગુણશ્રેણિ**—ઉપરની સ્થિતિમાંથી ઉઠાવેલા કર્મદલિકોને " પૂર્વ પૂર્વ સમયમાં જેટલા ભોગવાય તેથી આગળ આગળના સમયોમાં અસંખ્યાતગુણા વધારે વધારે કર્મદલિકો ભોગવાય. " તે પ્રમાણે ગોઠવવા તેનું નામ ગુણશ્રેણિ કહેવાય. એટલે ગ્રન્થિભેદ કરનારો ભવ્ય જીવ અસંખ્યેય ગુણવૃધ્ધિએ જેમ ભોગવાય તેમ કર્મદલિકોને ગોઠવે છે.

**૪. અભિનવસ્થિતિબંધ**—આ કરણમાં શરૂઆતથી જ પ્રારંભીને દરેક અન્તર્મુહૂર્ત્તે નવી નવી એટલે પહેલાં નહિં બાંધેલી એવી પલ્યોપમના અસંખ્યાતમા ભાગે કરી ઓછી ઓછી સ્થિતિ જે બાંધવી તેનું નામ અભિનવસ્થિતિબંધ કહેવાય. આ અપૂર્વકરણમાં દાખલ થયેલા ભવ્ય આત્માઓ તેવા પ્રકારના અભિનવસ્થિતિબંધને કરે છે.

અપૂર્વકરણમાં દાખલ થયેલો આત્મા મુખ્ય કાર્ય ગ્રન્થિ ભેદવાનું કરે છે. સ્થિતિઘાત અને રસઘાતથી ગ્રન્થિભેદ એ કાંઇ જુદી વસ્તુ નથી. તથા ભવ્યત્વનો પરિપાક થયા વિના આ અપૂર્વકરણની સ્થિતિએ આવ્યા અગાઉ આ આત્માએ સામાન્ય સ્થિતિઘાત-રસઘાત ઘણી વખત કર્યાં હશે, પરંતુ એ સ્થિતિઘાત-રસઘાતોથી મોહનીયની જે તીવ્રતા તે તીવ્રતા ઓછી થઇ નહિં. મોહનીયની તીવ્રતાને ઓછી કરનાર જો કોઇ પણ હોય તો અપૂર્વકરણમાં થતા સ્થિતિઘાત-રસઘાતો જ છે. એ સ્થિતિઘાત અને રસઘાતોરૂપી તીક્ષ્ણ કુહાડા મિથ્યાત્વાદિ મોહનીય કર્મ ઉપર એવા જોરથી પડે છે કે સમ્યગ્દર્શન ગુણની પ્રાપ્તિમાં વિઘાતક જે રાગદ્વેષના તીવ્ર પરિણામ તેને એકદમ તોડી નાખે છે. આ ક્રિયાનું નામ જ **ગ્રન્થિભેદ** છે. આ રાગદ્વેષની તીવ્ર ગ્રન્થિને ગ્રન્થકાર મહર્ષિઓ વાંસના ગૂઢ ગાંઠાની ઉપમા આપે છે, જે માટે કહ્યું છે કે–

**गंठित्ति सुदुब्भेओ, कक्खडयणगूढरूढगंठिव्व ।**
**जीवस्स कम्मजणिओ-घणरागदोसपरिणामो ॥१॥**

**ભાવાર્થ**–" સંસારી જીવોને દુષ્કર્મોથી પેદા થયેલ કઠોર તેમજ મજબૂત અને લાંબા કાળથી ઊગેલ ને દેખી શકાય તેવા વાંસના ગાંઠા સમાન તથા દુઃખે કરીને ભેદી શકાય અને પ્રથમ કોઇ પણ વખતે નહિં ભેદાએલ ચીકણા રાગદ્વેષના પરિણામરૂપ જે અધ્યવસાયો તેનું નામ જ ગ્રન્થિ છે."

આવા ગ્રન્થિભેદનું મહાન્ કાર્ય આ અપૂર્વકરણમાં થાય છે. યથાપ્રવૃતકરણમાં જે પ્રમાણે તીવ્ર-મન્દ અધ્યવસાયો કહ્યા છે તે પ્રમાણે આ અપૂર્વકરણમાં પણ પ્રત્યેક સમયે અધ્યવસાયોમાં તીવ્ર-મન્દપણાનું તારતમ્ય હોય છે, અથાત્ પ્રત્યેક સમયે અસંખ્ય લોકાકાશ જેટલા અધ્યવસાય સ્થાનો છે, તેની સંક્ષિપ્ત સમજણ આ પ્રમાણે-યથાપ્રવૃત્તકરણના છેલ્લા સમયમાં ઉત્કૃષ્ટ પરિણામવાળાને જે વિશુધ્ધિ હતી તે અપેક્ષાએ અપૂર્વકરણના પ્રથમ સમયમાં જઘન્યવિશુદ્ધિ પણ અનંતગુણ છે. અહિં યથાપ્રવૃત્તકરણમાં શરૂઆતમાં એક સંખ્યાતભાગ સુધીના સમયોનું જઘ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન્યપણે અનંતગુણ વિશુધ્ધિપણું જેમ ગણ્યું હતું તે પ્રમાણે ગણવાનું નથી, પરંતુ અપૂર્વકરણના પ્રથમ સમયમાં જે જઘન્યવિશુધ્ધિ છે તેના કરતાં પ્રથમ સમયની જ ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણ છે, પ્રથમ સમયની ઉત્કૃષ્ટ વિશુધ્ધિ કરતાં બીજા સમયની જઘન્યવિશુધ્ધિ અનંતગુણ છે, બીજા સમયની જઘન્યવિશુદ્ધિ કરતાં બીજા સમયની ઉત્કૃષ્ટ વિશુધ્ધિ અનન્તગુણ છે, બીજા સમયની ઉત્કૃષ્ટ વિશુધ્ધિ કરતાં ત્રીજા સમયની જઘન્યવિશુધ્ધિ અનન્તગુણ છે, ત્રીજા સમયની જઘન્યવિશુધ્ધિ કરતાં ત્રીજા સમયની ઉત્કૃષ્ટ વિશુધ્ધિ અનન્તગુણ છે. એ પ્રમાણે યાવત્ અપૂર્વકરણના અન્તિમ સમય સુધી વિશુદ્ધિનું જઘન્ય-ઉત્કૃષ્ટપણું સ્વયં વિચારી લેવું. અધ્યવસાયોનું વિષમસમચતુરસ્રપણું, પ્રતિસમય અધ્યવસાયોની સંખ્યામાં વિશેષાધિકપણું ઇત્યાદિ યથાપ્રવૃત્તમાં જે પ્રમાણે કહેલ છે તે પ્રમાણે સમજી લેવું.

**અનિવૃત્તિકરણ—**

'નિવૃત્તિ' એટલે ફારફેર અને અનિવૃત્તિ એટલે ફારફેરનો અભાવ, એટલે કે યથાપ્રવૃત્ત અને અપૂર્વકરણમાં જેમ એક સમયમાં યુગપદ્ દાખલ થએલાઓનાં અધ્યવસાયોમાં પણ તીવ્ર–મન્દપણાની અપેક્ષાએ ફારફેર જણાવવામા આવતા એક સમયમાં અસંખ્યલોકાકાશ જેટલા અધ્યવસાય સ્થાનકો જણાવ્યા છે તે પ્રમાણે અહિં સમજવાનું નથી. આ અનિવૃત્તિકરણમાં દરેક સમયે એક જ અધ્યવસાય હોય છે. ભૂતકાલમાં એ અનિવૃત્તિકરણના પ્રથમ સમયમાં જે એક બે કે તેથી વધુ જીવો દાખલ થયા હતા, ભવિષ્યમાં જે જીવો દાખલ થશે અને વર્ત્તમાનમાં જે જીવો હોય છે તે દરેકના અધ્યવસાયોની વિશુધ્ધિ એક સરખી જ હોય છે. ભૂત, ભવિષ્ય અને વર્ત્તમાન એ ત્રણે કાલમાં પ્રત્યેક સમયે એક જ અધ્યવસાય હોય છે. પ્રથમ સમય કરતાં બીજા સમયના અધ્યવસાયની વિશુધ્ધિ અનંતગુણ, બીજા સમય કરતાં ત્રીજા સમયની વિશુદ્ધિ અનંતગુણ, એ પ્રમાણે યાવત્ અનિવૃત્તિના ઉપાન્ત્ય સમયથી અન્ત્યસમયની વિશુધ્ધિ અનન્તગુણ સમજવી. અનિવૃત્તિકરણનો અન્તર્મુહૂર્ત પ્રમાણ કાળ છે અને એ અન્તર્મુહૂર્તના જેટલા સમયો તેટલા જ અધ્યવસાયના સ્થાનકો છે. યથાપ્રવૃત્તકરણ તથા અનિવૃત્તિકરણના પ્રતિસમયગત અધ્યવસાયોનો આકાર વિષમચતુરસ્ર છે, જ્યારે અનિવૃત્તિકરણના અધ્યવસાયોનો આકાર મુક્તાવલીના સરખો જ્ઞાની ભગવંતોએ જણાવ્યો છે. આ પ્રમાણે અધ્યવસાયોમાં 'નિવૃત્તિ' ફારફેર નથી માટે જ તેનું નામ 'અનિવૃત્તિકરણ' કહેવાય છે. અથવા નિવૃત્તિ એટલે પાછું હઠવું અને અનિવૃત્તિ એટલે પાછું હઠવાપણું જેમાં નથી, એટલે કે જે અધ્યવસાયો, સમ્યક્ત્વ પ્રાપ્ત કરાવ્યા સિવાય કોઇપણ કાળે પાછા હઠતા નથી, તેથી પણ 'અનિવૃત્તિકરણ' કહેવાય છે. અપૂર્વકરણવડે ગ્રન્થિભેદ કર્યા બાદ અનિવૃત્તિકરણમાં આવેલો આત્મા અવશ્ય સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. અપૂર્વકરણમાં થયેલો ગ્રન્થિભેદ એ એક અતિશય મહત્ત્વભર્યું કાર્ય છે, અને એવું મહાન્ કાર્ય થયા બાદ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય તે અગાઉ અનિવૃત્તિકરણ એ આત્મા માટે વિશ્રાન્તિસ્થળ છે. યથાપ્રવૃત્ત, અપૂર્વ અને અનિવૃત્તિ એ ત્રણે કરણોની પ્રાપ્તિ ક્રમસર જ હોય છે, જે માટે કહ્યું છે કે–

**जा गंठि ता पढमं, गंठि समइच्छओ भवे बीअं।**
**अनियट्टिकरणं पुण, सम्मतपुरक्खडे जीवे ॥ १ ॥**

**ભાવાર્થ:—**"ગ્રન્થિસ્થાન સુધી પહેલું યથાપ્રવૃત્તકરણ હોય છે, ગ્રન્થિ ભેદતા એવા ભવ્યજીવને બીજું અપૂર્વકરણ હોય છે, તથા જેણે સમ્યક્ત્વ ગુણ સન્મુખ કર્યો છે એટલે કે જેઓ થોડા વખતમાં જરૂર સમ્યક્ત્વ પ્રાપ્ત કરશે એવા જીવોને અનિવૃત્તિ નામનું ત્રીજું કરણ હોય છે."

અન્તર્મુહૂર્ત જેટલા સ્થિતિવાળા આ અનિવૃત્તિકરણના જેટલા સમયો થાય તેટલા જ તેના અધ્યવસાયો જાણવા; કારણ કે પ્રત્યેક સમયે એક એક જ અધ્યવસાય હોય છે, અને તેવા અધ્યવસાયો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્વ પૂર્વ અધ્યવસાયોની વિશુધ્ધિથી આગળ આગળના સમયમાં અનંતગુણી વિશુધ્ધિવાળા જાણવા જે વાત શરૂઆતમાં પણ કહેવામાં આવેલ છે, તથા જેમ અપૂર્વકરણના પ્રારંભથી જ સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ અને અભિનવસ્થિતિબંધની શરૂઆત થઇ હતી તેમ આ અનિવૃત્તિકરણમાં પણ સ્થિતિઘાત, રસઘાતાદિ પ્રથમ સમયથી જ વિશેષ પ્રકારે ચાલુ હોય છે. પ્રત્યેક સમયે આત્માની અનંતગુણવિશુધ્ધતા હોય છે, મોક્ષના મૂળ કારણભૂત એવું ઉત્તમોત્તમ સમ્યગ્દર્શન અલ્પ સમયમાં જ પ્રાપ્ત થવાનું હોઇ આત્માને નિરવધિ આત્મિક આનંદ તે અવસરે વર્ત્તતો હોય છે.

અનિવૃત્તિકરણનો જે અન્તર્મુહૂર્ત જેટલો કાળ કહ્યો છે તેમાંથી એક સંખ્યાતમા ભાગ જેટલો કાળ જે અવસરે બાકી રહે તે અવસરે ઉપશમ સમ્યગ્દર્શનની પ્રાપ્તિનું અનન્ય સાધનભૂત અંતરકરણ કરવામાં આવે છે. અંતરકરણનો સામાન્ય અર્થ 'આંતરું કરવું' એવો થાય છે, પરંતુ યથાપ્રવૃત્તાદિ કરણોમાં કરણનો અર્થ પરિણામ જે કર્યો છે તેવો પરિણામવાચક અર્થ અહિં કરવાનો નથી; કારણ કે પરિણામ અર્થવાળા કરણો તો ત્રણ જ છે. વળી એક અનિવૃત્તિકરણ ચાલુ હોય તેમાં બીજું કરણ થાય પણ શી રીતે? માટે અહિં 'કરણ' પદનો અર્થ પરિણામ ન કરતાં 'કરવું' અર્થાત્ 'આંતરું પાડવું' એમ કરવો, એટલે કે મિથ્યાત્વમોહની એકસરખી જે સ્થિતિ છે તેના બે વિભાગ કરી વચ્ચે અંતર્મુહૂર્ત્ત જેટલું અંતર પાડવું. તાત્પર્ય એ આવ્યું કે—સીધી લાઇનરૂપ મિથ્યાત્વની સ્થિતિ સંબંધી નીચેનો અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ ઉદયાવલિકા તરફનો ભાગ છોડી દઇ બાકીના ભાગમાં અંતરકરણ કરે છે. અત્યાર સુધી મિથ્યાત્વમોહનીયની જે એક સંલગ્ન સ્થિતિલતા હતા તેને બદલે હવે તેમાં બે વિભાગો થયા, એક ઉદયાવલિકા તરફની અન્તર્મુહૂર્ત પ્રમાણ પ્રથમ સ્થિતિ અને બીજી ઉપર પ્રદેશ પછીની દ્વિતીય સ્થિતિ. અહિં કદાચ શંકા થાય કે અંતરકરણ કરવાનું શું પ્રયોજન છે? તો તેના સમાધાન માટે સમજવું જે અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ સ્થિતિવાલા અપૌદ્ગલિક સમ્યગ્દર્શનને મિથ્યાત્વના પુદ્ગલો વિઘ્ન ન કરે એ હેતુથી એટલે કે મિથ્યાત્વના પુદ્ગલો તે સમ્યગ્દર્શન ગુણને બાધ ન પહોંચાડે, એટલા માટે અન્તર્મુહૂર્ત્તમાં ક્રમશઃ ભોગવી શકાય તેટલા મિથ્યાત્વના પુદ્ગલોથી ખાલી ભાગ અન્તરકરણવડે કરવાનો હોય છે. એક મોટા લાંબા લાકડા ઉપર ઉપરાઉપરી કુહાડાના પ્રહાર પડે તે અવસરે જે સ્થાને પ્રહારો પડે છે તે સ્થાનનો છોલ બન્ને બાજુ ઊડી જાય અને વચ્ચે જેમ અમુક આંતરું થાય છે, તે પ્રમાણે અનિવૃત્તિકરણનો એક સંખ્યાતમો ભાગ જે અવસરે બાકી રહે છે ત્યારે આત્મામાં એક એવી વિશિષ્ટ વિશુદ્ધિ ઉત્પન્ન થાય છે કે જે વિશુધ્ધિવડે એક સરખી મિથ્યાત્વની સ્થિતિ પૈકી અનિવૃત્તિકરણનો જેટલો કાળ બાકી છે તેટલા કાળ પ્રમાણ પ્રથમ સ્થિતિ બાકી રાખી ત્યારબાદ અન્તર્મુહૂર્ત્તમાં ભોગવી શકાય તેટલા દલિકોનો બન્ને બાજુ પ્રથમ સ્થિતિ તથા દ્વિતીય સ્થિતિમાં આગળ જણાવવા પ્રમાણે પ્રક્ષેપ કરી અન્તર્મુહૂર્ત જેટલો ભાગ મિથ્યાત્વના દલિકોથી વિરહિત બનાવે છે, અને એ ભાગમાં જ્યારે આત્મા દાખલ થાય ત્યારે ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત થયું તેમ કહેવાય છે. જંગલમાં લાગેલો દાવાનલ ખારાપાટવાળી જમીન આવતાં આપોઆપ જેમ ઓલવાઇ જાય છે તે પ્રમાણે આત્મામાં અનાદિકાળથી લાગેલો મિથ્યાત્વ દાવાનલ અંતરકરણદ્વારા મિથ્યાત્વના પુદ્ગલોથી ખાલી થયેલા ભાગમાં આવતા દાહ્ય પદાર્થના અભાવે સ્વયમેવ બુઝાઇ જાય છે.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાનની મહત્ત્વતા

લે૰ આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

જ્ઞાન અજવાળું છે-પ્રકાશ છે. અજ્ઞાન અંધારું છે. થોડું પણ અજવાળું હોય તો માનવી પાસેની વસ્તુઓને ઝાંખી પણ જોઇ શકે છે, અને પોતાને ઇષ્ટ વસ્તુ તથા સ્થાનને મેળવી શકે છે, વળી આપત્તિવાળી વસ્તુઓથી પોતાનો બચાવ પણ કરી શકે છે. સર્વથા અંધકારમાં આમ બની શકતું નથી. જેમ કોઈ માણસ અંધારી રાત્રિમાં પોતાની સાથે દીવો લઇને કોઇક સ્થળે જવા નીકળે તો તે દીવાના પ્રકાશની મદદથી ખાડા, ટેકરા તથા સર્પાદિ જીવજંતુ અને કાંટા આદિથી પોતાની જાતને બચાવીને ઇષ્ટ સ્થળે પહોંચી શકે છે.

પોતાના ઘરમાંથી કોઇ વસ્તુની અંધારી રાત્રે જરૂરત પડે અને દીવાનો પ્રકાશ હોય તો જોઈતી વસ્તુ વિના વિલંબે મેળવી શકે છે, તેવી જ રીતે થોડુંક પણ જ્ઞાન હોય તો તે પોતાને ઇષ્ટ વસ્તુ મેળવી શકે છે, પોતાના આત્માને દુર્ગતિરૂપ ખાડામાં પડતો બચાવી શકે છે, સર્પરૂપ કષાયોથી સુરક્ષિત રહી શકે છે તથા સદ્ગતિરૂપ ઇષ્ટ સ્થળે પહોંચી શકે છે. દ્રવ્યપ્રકાશ દેહ તથા પરિમિત જીવનને બચાવી શકે છે, અને ભાવ-પ્રકાશ આત્મા તથા અપરિમિત જીવનની રક્ષા કરે છે.

જ્ઞાનથી આત્મદર્શન થાય છે, આત્મામાં રહેલી વિભૂતિ જણાય છે, આત્માની સાથે ભળી ગયેલો મેલ-કચરો પણ જણાય છે, આત્મા તથા જડનો ભેદ સમજાય છે. આત્માનું શુદ્ધ સ્વરૂપ તથા જડનું અશુદ્ધ સ્વરૂપ જણાવાથી બન્નેની મુક્તિ માટે રુચિ ઉત્પન્ન થાય છે, પરિણામે ઉભયની મુક્તિ મેળવી શકાય છે. ‘આત્માથી જડને મુક્ત કરવામાં આવે છે અને જડથી આત્માને મુક્ત કરવામાં આવે છે. આ પ્રમાણે સંસારમાં ઉભયના વિયોગને મુક્તિ કહેવામાં આવે છે.’

આ પ્રમાણે મંદતર પણ સમ્યગ્ જ્ઞાન આત્માની સંપૂર્ણ વિભૂતિના વિકાસમાં (મુક્તિમાં) પરંપરાથી કારણ થઇ શકે છે.

ક્ષાયિક જ્ઞાન–કેવલજ્ઞાન–માં ભેદ હોતો નથી, તે એક જ પ્રકારનું હોય છે. અને તે આત્માનો સંપૂર્ણ વિકાસ છે. આ જ્ઞાન સૂર્યના પ્રકાશ જેવું છે. સમીપમાં રહેલી તથા દૂર રહેલી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી વસ્તુ માત્રને સંપૂર્ણ સર્વ અવયવ સહિત સ્પષ્ટ-પણે પ્રકાશિત કરે છે. આ દિવ્ય પ્રકાશ છે. દીપકોમાં અંધારાની તારતમ્યતા રહેલી હોય છે, પરંતુ આ પ્રકાશમાં લેશમાત્ર અંધારું હોતું નથી–આ પ્રકાશને જ આત્મસ્વરૂપ કહેવામાં આવે છે. અનંતા ભિન્ન ભિન્ન પ્રકારના દીપકો, અનંતા ગ્રહો, નક્ષત્રો, તારાઓ તથા અનંતા ચંદ્રોનો પ્રકાશ એકત્રિત કરવામાં આવે તો પણ તે પ્રકાશ સૂર્યનાં એક કિરણની તોલે આવી શકતો નથી, તેવી જ રીતે મતિ, શ્રુત, અવધિ તથા મનઃપર્યાય આદિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનેક પ્રકારના ક્ષાયોપશમિક જ્ઞાનોનો સમુદાય ક્ષાયિક-કેવળ-જ્ઞાનના એક પર્યાયની બરોબરી કરી શકતો નથી.

ઝીણામાં ઝીણો કપડાનો પડદો આંખ આડો રાખી જોનારને તેટલું સ્પષ્ટ જોઇ શકાતું નથી, જેટલું પડદા વગરની સ્વચ્છ આંખોવાળાને જોઇ શકાય છે. ક્ષાયિક જ્ઞાનવાળાના આત્મપ્રદેશો પરથી જ્ઞાનાવરણનો પડદો સર્વથા ખસી ગએલો હોય છે, એટલે તેઓ વસ્તુ માત્રને સંપૂર્ણ તથા સ્પષ્ટપણે જાણી શકે છે. બહારની કોઇ પણ જડ વસ્તુ જાણવામાં હરકત કરી શકતી નથી. જેમ સ્વચ્છ અગ્નિ વસ્તુ માત્રમાં પ્રવેશ કરીને સ્વરૂપવત્ બનાવી શકે છે તેવી જ રીતે સ્વચ્છ જ્ઞાન પણ વસ્તુ માત્રમાં પ્રવેશ કરીને સ્વરૂપવત્ બનાવી તે સ્વરૂપે રહે છે. જ્ઞાન સ્વરૂપે તો સ્વદ્રવ્યમાં-આત્મામાં રહેલું છે, પરંતુ પરરૂપે પરદ્રવ્યમાં-જ્ઞેયમાં રહેલું છે. ઉષ્ણુતા સ્વરૂપે તો પોતાનામાં-અંગારામાં અગ્નિ રહેલો છે, પરંતુ પરરૂપે અન્ય વસ્તુઓમાં રહી છે. જ્યારે અગ્નિનો પાણી આદિ વસ્તુઓથી વિયોગ થાય છે ત્યારે પાણી વિગેરેમાં રહેલી દાહકતા અગ્નિમાં રહી જાય છે. જ્યાં સુધી સંયોગ હોય છે ત્યાં સુધી પાણી પણ અગ્નિની જેમ શકય વસ્તુઓને થોડા ઘણા પ્રમાણમાં બાળી શકે છે, તેવી જ રીતે કોઇ પણ જ્ઞેય જ્ઞાનના સાથે જોડાય છે ત્યારે જ્ઞેયમાં જ્ઞાન રહેલું હોય છે, પણ જ્યારે જ્ઞેયથી છૂટું પડે છે ત્યારે આત્મામાં સ્થિર થાય છે. સંયોગ ઉભયમાં હોય છે અને વિયોગ મૂલ આધારમાં સ્થિર થાય છે. દાહકતા તથા જ્ઞાન તેમજ બીજા પણ વસ્તુના ધર્મો સ્વરૂપે સ્વધર્મોમાં રહે છે અને પરરૂપે પરધર્મોમાં રહે છે. એટલા માટે જ જ્ઞાતા, જ્ઞેય તથા જ્ઞાનને કથંચિત અભિન્ન માનવામાં આવે છે. આ અભિન્નતાના અંગે જ જ્ઞાની, ધ્યાની, દાની આદિ શબ્દપ્રયોગોની સિદ્ધિ થાય છે. જગતમાં જ્ઞાનીઓનો આત્મા ઉન્નત હોવાથી તેનો દરજ્જો પણ ઊંચો છે. સાચી સંપત્તિવાળો પણ તે જ કહેવાય છે. અતીન્દ્રિય જ્ઞાન અલ્પ હોય અને ઇન્દ્રિયજન્ય અધિક હોય તો પણ અતીન્દ્રિય જ્ઞાનવાળાને જ જનતા પૂજ્યબુદ્ધિથી પૂજે છે.

અતીન્દ્રિય જ્ઞાની જાણે છે તેટલું અભ્રાન્ત સાચું કહી શકે છે, અને ઇન્દ્રિયજન્ય જ્ઞાનવાળો ભ્રાન્તિવાળું અસંપૂર્ણ અને સત્યમિશ્રિત જાણી શકે છે, કહી શકે છે; કારણ કે અતીન્દ્રિય જ્ઞાન થોડું હોય તો પણ તે સ્વસંપત્તિ છે અને ઇન્દ્રિયજન્ય પારકી સંપત્તિ છે. જેમ કોઇ માણસ પાસે પોતાની થોડી પુંજી હોય પણ કોઈનું માથા પર દેવું ન હોય તો તે માણસ સુખી, પ્રમાણિક, નિશ્ચિંત તથા કીર્તિશાળી હોય છે, પછી તે ભલે ઝુંપડામાં રહીને સાદો ખોરાક તથા કપડાથી નિર્વાહ કેમ ન કરતો હોય; પરંતુ પારકું લાખોનું દેવું કરીને બંગલામાં મ્હાલતો હોય કે મોટરોમાં ફરતો હોય અથવા તો હંમેશાં મિષ્ટાન્નાદિ સુભક્ષ્ય અને સુવસ્ત્રોથી કેમ ન આનંદ કરતો હોય તો પણ પરમ સુખી, નિશ્ચિંત તથા પ્રમાણિક સ્વસંપત્તિવાળા જેટલો થઇ શકતો નથી. જ્યાં સુધી પારકા પૈસા હોય છે ત્યાં સુધી મોજ માણે છે પણ જ્યારે પારકા પૈસા તણાઈ જાય છે ત્યારે ભીખ માગવી પડે છે અને ઘણી જ વિપત્તિઓ ભોગવવી પડે છે. સ્વ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંપત્તિવાળાને જીવન પર્યંત આવો પ્રસંગ આવતો નથી, એવી જ રીતે પરોક્ષ ઇન્દ્રિય-જન્ય જ્ઞાનવાળો ઇન્દ્રિયો કાયમ હોય ત્યાં સુધી બધું જાણી શકે છે, પણ ઇન્દ્રિયોનો અભાવ થયે જ્ઞાનશૂન્ય દશા ભોગવે છે. અને પ્રત્યક્ષ–અતીન્દ્રિય જ્ઞાનવાળાને તેમ હોતું નથી. કારણ કે આંખ આદિ ઇન્દ્રિયોના અભાવમાં પણ પોતાનું અતીન્દ્રિય જ્ઞાન હોવાથી પોતે સારી રીતે જાણી શકે છે, પોતાનો નિર્વાહ કરી શકે છે. સમ્યગ્ જ્ઞાનથી સમ્યગ્ શ્રદ્ધા થાય છે અને સમ્યગ્ શ્રદ્ધાથી સમ્યગ્ ચારિત્ર-પરિણામ થાય છે, શુદ્ધ પરિણામથી આત્મા શુદ્ધ થાય છે, આત્મા શુદ્ધ થવાથી જૂનો કર્મ-મેલ ધોવાઇ જાય છે અને નવો મેલ લાગતો નથી, નવો મેલ ન લાગવાથી આત્મપ્રદેશો ઊજળા થાય છે અને આત્મા ચકચકિત બને છે. પછી આત્માનું તેજ–પ્રકાશ અખિલ વિશ્વમાં ફેલાઇ જાય છે જેથી કરી વસ્તુ માત્ર પ્રકાશિત થાય છે, જેને આત્મા પોતાના દિવ્ય જ્ઞાનરૂપી પ્રકાશથી સંપૂર્ણ તથા સ્પષ્ટપણે જાણી શકે છે. જેમ રાત્રિના અંતે સૂર્યોદય થાય છે ત્યારે સૂર્યના પ્રકાશથી વસ્તુ માત્ર પ્રકાશિત થાય છે અને દરેક વસ્તુ સૂર્યના પ્રકાશથી જણાવા માંડે છે તેવી જ રીતે દિવ્ય જ્ઞાનના પ્રકાશથી ત્રણે કાળની સંપૂર્ણ પર્યાય સહિત વસ્તુને આત્મા જાણી શકે છે, જોઇ શકે છે.

સર્વથા કર્મરજ રહિત આત્મપ્રદેશોનો પ્રકાશ કોઇ કાળે પણ ઝાંખો પડતો નથી, અજવાળામાં ન્યૂનાધિકતા થતી નથી. જેમ સૂર્યના સહસ્ર કિરણોમાં પ્રત્યેક કિરણ પ્રકાશવાળું હોય છે તેમ આત્માના અસંખ્ય પ્રદેશોમાં પ્રત્યેક પ્રદેશ જ્ઞાનના પ્રકાશવાળો હોય છે. દરેક પ્રકાશમાં અનંતું જ્ઞાન રહેલું છે. જેમ સૂર્યના પ્રત્યેક કિરણમાં પ્રકાશ રહેલો છે, છતાં બધાં કિરણો ભેગા મળીને પ્રકાશ કરે છે, પ્રત્યેક કિરણ છૂટું રહીને એકલું પ્રકાશ કરતું નથી તેવી જ રીતે આત્માના પ્રત્યેક પ્રદેશમાં જ્ઞાન રહેલું છે તો પણ તે એક એક પ્રદેશ ભિન્ન ભિન્ન રહીને જ્ઞાન કરતા નથી. સર્વ પ્રદેશ એકઠા મળીને જ જ્ઞાન કરે છે.

જાણકાર બે પ્રકારના હોય છે: એક જાગતો અને બીજો ઊંઘતો. જ્ઞાની એ જાગતો જાણકાર છે. બધા રસ્તાઓને જાણી શકે છે, જોઇ શકે છે. સુગતિ તથા દુર્ગતિના માર્ગનો સારો ભોમીયો હોય છે. જ્ઞાની ભવાટવીમાં થઈને શિવપુર જતાં આપત્તિવાળા સ્થળોથી પોતાનો બચાવ કરી શકે છે. કષાયાદિ ચોરટાઓ તથા વિષયાદિ ઘાતકી જાનવરોથી પોતાના જ્ઞાનધનને તથા અપરિમિત જીવનને બચાવીને સંભાળપૂર્વક ઇષ્ટ ગતિએ લઈ જઇ શકે છે. આપત્તિ માત્રના ઉપાયોને સારી રીતે જાણતો હોવાથી તથા જાગતો હોવાથી કદાચિત્ ચોરટાઓનો કે જાનવરોનો ભેટો થઇ જાય તો કુશળતાથી તેમને નિઃસત્ત્વ બનાવીને નિર્ભય બની શકે છે.

જ્ઞાની પોતાને સારી રીતે ઓળખી શકે છે તેમજ પરને પણ સારી રીતે ઓળખે છે. આ પ્રમાણે પોતાની તથા પારકી વસ્તુને પણ જાણતો હોવાથી રતિ–અરતિ, હર્ષ તથા શોકને વશ પડતો નથી જેથી કરી અંતમાં સર્વ કર્મોથી મુક્ત થઇને અપુનરાવૃત્તિ ( મોક્ષ ) સ્થાનને મેળવી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# હિતશિક્ષાનો ખજાનો
યાને
# ગુજરાતી કહેવત—સંગ્રહ

સંપાદકઃ રાજપાળ મગનલાલ વહોરા

( ગતાંક પૃષ્ઠ ૧૩૪ થી શરૂ )

૧૦૮ એક મગની બે ફાડ છે.
૧૦૯ ઊઠતાં અભાગીયાનું મોઢું જોયું હશે.
૧૧૦ કજીયાનું મ્હોં કાળું.
૧૧૧ કઠેકાણે ગુમડું ને સાસરો વૈદ્ય
૧૧૨ કાણીયા નર કોઈક સાધુ
૧૧૩ કોઈક નિર્ધન ટાલીયા
૧૧૪ કમળાવાળો બધે પીળું દેખે
૧૧૫ કીધો કુંભાર ગધેડે ન ચડે
૧૧૬ કાગને બેસવું ને ડાળને પડવું
૧૧૭ કરમને નહિ શરમ
૧૧૮ કરમમાં કારમીટીઓ તો ભુકરવો કયાંથી ભાંગે ?
૧૧૯ કલેશથી ગોળાના પાણી સૂકાઈ જાય
૧૨૦ કરણી તેવી પાર ઉતરણી
૧૨૧ કાયાને જોખમ છે કે માયાને ? માયાને
૧૨૨ કૂતરાની પુંછડી ભોંયમાં દાટો તો ય વાંકી ને વાંકી
૧૨૩ કોળીઆનો ખાધેલ નીચું જુવે
૧૨૪ કીડી ઉપર કટક શોભે ?
૧૨૫ કોના બાપની દિવાળી ?
૧૨૬ કોના નશીબનું ખાતાં હશું !
૧૨૭ કીડી સંચે ને તેતર ખાય
૧૨૮ કથરોટ કુંડાને શું હસે ?
૧૨૯ કંજુસનું મ્હોં કાળું
૧૩૦ કેટલી વીશે સો થાય છે ?
૧૩૧ કાગનો વાઘ થયો.
૧૩૨ કર્મે શૂરા તે ધર્મે શૂરા.
૧૩૩ કાજળની કોટડીમાંથી કોરા નીકળવું છે.
૧૩૪ કાને કોળીયા જાય છે ?
૧૩૫ કારતક મહિને કણબી ડાહ્યો થાય તે શું કામ આવે ?
૧૩૬ કરે તે ભરે
૧૩૭ કરીએ તેવું પામીએ.
૧૩૮ કામ કર્યું તેણે કામણ કર્યું.
૧૩૯ કરતા હોઈએ તે કરીએ ને છાશની દોણી ભરીએ.
૧૪૦ કોને ખબર છે કે વ્હેલે ઊઠે લાભ કે મોડે ઊઠે ?
૧૪૧ કાલની કોને ખબર છે ?
૧૪૨ કયાં પાણીમાં મોઢું જોયું છે ?
૧૪૩ કહે દીકરીને ને સંભળાવે વહુને.
૧૪૪ કપાળે કપાળે જુદી મતિ.
૧૪૫ કાંણાને કાંણો ન કહેવો.
૧૪૬ કડવું ઓસડ મા પાય.
૧૪૭ કોણીનો ગોળ ખાવો અઘરો છે.
૧૪૮ કામ(વિષયાભિલાષ) ન જુવે જાત કજાત.
૧૪૯ કજ્યો કોયડો કોડીનો.
૧૫૦ કચરામાં સાંબેલું ન જાય.
૧૫૧ કાંકરે કાંકરે પાળ બંધાય ને ટીપે ટીપે સરોવર ભરાય.
૧૫૨ કરમ વિનાના કરશનીઆ કોની જાને જાશું ?
૧૫૩ કૂવે કૂવા ભેળા ન થાય પણ માણસે માણસ તો ભેળા થાય જ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૫૪ કુંભાર કરતાં ગધેડા ડાહ્યા.
૧૫૫ કાગડો હંસની ચાલ ચાલવા જતાં પોતાની ચાલ પણ ભૂલી ગયો.
૧૫૬ કાયાનો શો ભરૂંસો ?
૧૫૭ કાળીયાની જોડે ધોળીયાને બાંધે તો વાન ન આવે તો સાન તો આવે.
૧૫૮ કુંભારને ઘેર ફુટેલ હાંડલા હોય.
૧૫૯ કલમના ઘા તલ્વારના ઘાથી વધી જાય.
૧૬૦ કેમ ભાઈ ઉદાસી? ન મલ્યા કોઇ વિશ્વાસી.
૧૬૧ કાળી ચૌદશ ને (આ)દિત્યવાર કોઇક વાર આવે.
૧૬૨ કુહાડાના હાથા થાય ત્યારે કપાય.
૧૬૩ કોઠી ધોએ કાદવ નીકળે.
૧૬૪ કાકા મામા કહેવાના ને ઘરમાં હોય તો ખાવાના.
૧૬૫ કાન તોડે એવું સોનું શા કામનું ?
૧૬૬ કરીએ સેવા તો મળે મેવા.
૧૬૭ કરીએ ચાકરી તો મળે ભાખરી.
૧૬૮ કોની માએ સવાશેર સુંઠ ખાધી છે ?
૧૬૯ કડવી હોયે લીંબડી, મીઠી તેની છાંય.
૧૭૦ કહેણી મીશ્રી ખાંડ છે, રહેણી તાતા લોહ.
૧૭૧ કરકસર કરવી પણ કંજુસાઇ નહિં.
૧૭૨ કોણે દીઠી કાલ ?
૧૭૩ કેવા શુકને નીકળ્યા હતા ?
૧૭૪ કરે તેને કહે, ન કરે તેને કોઈ ન કહે.
૧૭૫ કાંડા કાપી આપ્યા છે.
૧૭૬ ક્યાં રાજા ભોજ ને ક્યાં ગાંગો તેલી ?
૧૭૭ કાળી ટીલી ચડી.
૧૭૮ કડવા બોલી માવડી મીઠા બોલે લોક.
૧૭૯ કૂવામાં હોય તો અવાડામાં આવે.
૧૮૦ કાળા પાણીએ કાઢ્યો.
૧૮૧ કન્યાની કેડ ઉપર ખરચો છે.
૧૮૨ કેશરીયા કર્યાં છે.
૧૮૩ કળજુગ નહિ પણ કરજુગ છે.
૧૮૪ કપાશીએ કોઠો ન ફાટે.
૧૮૫ ક્યાં તો ગાદી તકીઓ ને ક્યાં તો દોરી લોટો.
૧૮૬ કૂતરા ખડ ખાય એવી વાત કરો છો.
૧૮૭ કાગવાસ ભણ્યા જણાઓ છો !
૧૮૮ કાળા માથાનો માનવી શું ન કરે ?
૧૮૯ કાયદો લાજવાળાને માટે છે; નાગાને શું?
૧૯૦ કુદરત પલમાં ચાહે સો કરે.
૧૯૧ કાળી નાગણ જેવી છે.
૧૯૨ કાગડાને કોટે કોયલ બાંધી.
૧૯૩ કોલસાની દલાલીમાં કાળા હાથ થાય.
૧૯૪ કોઈના નળીયા ચુવે ને કોઇના નેવા ચુવે.
૧૯૫ કોના બાપની ગુજરાત ?
૧૯૬ કાનખજુરાનો એક પગ ભાંગ્યો તો ય શું ને ન ભાંગ્યો તો ય શું ?
૧૯૭ કાં તો આ પાર ને કાં તો પેલે પાર.
૧૯૮ કરશે તે ભરશે.
૧૯૯ કુકડીનું મોં ઢેફલીએ.
૨૦૦ કહેવાય નહિ ને સહેવાય નહિ.
૨૦૧ કોઈના પેટ ઉપર પાટુ ન મારવી.

## ख

૨૦૨ ખાટી છાશ ઉકરડે નાખવી પડે.
૨૦૩ ખીર ત્યાં ખાંડ ને છાશ ત્યાં મીઠું.
૨૦૪ ખેતર ઢાંકણ વાડ ને ઘરનું ઢાંકણ નાર
૨૦૫ ખાટલે મોટી ખોટ કે ચોથો પાયો જ ન મળે
૨૦૬ ખાતો ખાય ને ભરતો ભરે.
૨૦૭ ખાલી બંધુકના ભડાકા છે.
૨૦૮ ખાળે ડુચા ને દરવાજા મોકળા.
૨૦૯ ખોદે તે પડે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૧૦ ખાખરાની ખીસ્કોલી સાકરનો સ્વાદ શું જાણે?
૨૧૧ ખોડી બીલાડી અપશુકન કરે.
૨૧૨ ખીલે તે કરમાય.
૨૧૩ ખડતલીયા તાપ ને મરતલીયા બાપમાં શું વળે?
૨૧૪ ખોદ્યો ડુંગર ને કાઢ્યો ઊંદર.
૨૧૫ ખાલી હાથે આવ્યા ને ખાલી હાથે જવાનું.
૨૧૬ ખોટા રૂપીયાની જેમ પાછો આવજે.
૨૧૭ ખાઈને સૂઈ જવું, મારીને ભાગી જવું.
૨૧૮ ખોટા લાડ આડા આવે
૨૧૯ ખીજ્યો કુંભાર ગધેડીના કાન આમળે
૨૨૦ ખાનાર પીનારને ખુદા દેનાર
૨૨૧ ખાવું ખોટું ને કામ કરવું સાચું
૨૨૨ ખીસ્સા ખાલી ને ભપકા ભારી
૨૨૩ ખરા ખોટાની ખબર સમયે થાય છે
૨૨૪ ખોટાની સાથે સાચો પણ માર્યો જાય
૨૨૫ ખાય તેનું ખોદે
૨૨૬ ખાટલેથી પાટલે ને પાટલેથી ખાટલે
૨૨૭ ખાધુ ખંભે આવે

### ग

૨૨૮ ગરજવાનને અક્કલ ન હોય
૨૨૯ ગળ્યું તેટલું ગળ્યું ને બીજું બધું બળ્યું
૨૩૦ ગરજ સરી ને વૈદ્ય વેરી
૨૩૧ ગામડાહ્યું કોઈક હોય, ઘરડાહ્યા સૌ હોય
૨૩૨ ગરજે ગધેડાને બાપ કહેવો પડે
૨૩૩ ગાડા ખસે પણ હાડા ન ખસે
૨૩૪ ગરજવાનની અક્કલ જાય, દરદવાનની શીકલ જાય
૨૩૫ ગામની દીકરી ને પરગામની વહુ
૨૩૬ ગાજરની પપુડી વાગે ત્યાં સુધી વગાડવી
૨૩૭ ગાજ્યા મેહ વરસે નહિ ને ભસ્યા કૂતરા કરડે નહિં
૨૩૮ ગુરુ ગયા ગોકળ ને પાછળ થઈ મોકળ
૨૩૯ ગાડરીઓ પ્રવાહ છે.
૨૪૦ ગમે તેમ સૂવો તો પણ ખાટલા વચ્ચે જ છે.
૨૪૧ ગરથ વિનાનો ગાંગલો ને ગરથે ગાંગજી-ભાઇ.
૨૪૨ ગજની ઘોડી ને સવા ગજનું ભાડું.
૨૪૩ ગાય વાળે તે ગોવાળ
૨૪૪ ગાગર મૂકી ગોળો લીધો એવા ભોળા છો!
૨૪૫ ગાય દોહી કૂતરાને પાવું
૨૪૬ ગાળથી ગુમડા ન થાય.
૨૪૭ ગાળ દેનારનું મોઢું ગંધાય.
૨૪૮ ગરથ ગાંઠે ને વિદ્યા પાઠે.
૨૪૯ ગયો સમય પાછો ન આવે.
૨૫૦ ગઈ વસ્તુનો શોચ શું કરવો?
૨૫૧ ગઈ તીથિને બ્રાહ્મણ પણ નથી વાંચતો
૨૫૨ ગરીબની સ્ત્રીને સૌ ભાભી કહે.
૨૫૩ ગાડુ જોઇ ગુડા ભાંગે.
૨૫૪ ગોપીચંદન ને ગેરૂ એ ભાંગ્યાના ભેરૂ.
૨૫૫ ગોળથી સરે તો ઝેર ન વાપરવું.
૨૫૬ ગરીબની હાય બૂરી છે.
૨૫૭ ગંદવાડ ત્યાં મંદવાડ.
૨૫૮ ગોળ ને ખોળ બેય સરખા હોય?
૨૫૯ ગોળ ખાય ઘોડા ને તેલ ખાય જુત્તા.
૨૬૦ ગોળ ખાય તે ચોકડા ખમે.
૨૬૧ ગામ હોય ત્યાં ઢેઢવાડો પણ હોય.
૨૬૨ ગાડા નીચે કૂતરૂં ચાલે ને ભાર હું ઉપાડું છું એવું અભિમાન રાખે.
૨૬૩ ગરીબનો બેલી ઇશ્વર છે.
૨૬૪ ગુરુ કરતાં ચેલા ડાહ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૬૫ ગુરુ વિના જ્ઞાન ન હોય.
૨૬૬ ગાંડાને ગામ ન હોય.
૨૬૭ ગળ્યા દિલા માણસના ગાડા ન ભરાય.
૨૬૮ ગાયા વાયાના નથી આવ્યા.
૨૬૯ ગાયના ઓખર સામું ન જોવાય, દૂધ સામું જોવાય.
૨૭૦ ગામના મોઢે ગરણું ન બંધાય.
૨૭૧ ગદ્ધા પૂંછ પકડ્યું તે પકડ્યું.
૨૭૨ ગદ્ધાપણું એ ગયું ને બ્રહ્મચારીપણું એ ગયું.
૨૭૩ ગરીબ ગાય જેવો છે.
૨૭૪ ગાંઠના ગોપીચંદન થયા.
૨૭૫ ગાગર ગોળાને શું હસે ?

### ઘ

૨૭૬ ઘરના છોકરા ઘંટી ચાટે ને પાડોશીને આટો !
૨૭૭ ઘરના ભુવા ને ઘરના ડાકલા.
૨૭૮ ઘેલી ઉપર ઘડો.
૨૭૯ ઘી ઢોળાય તો ખીચડીમાં.
૨૮૦ ઘર બાળીને તીરથ કર્યું.
૨૮૧ ઘાણીનો બળદ ઘેર ને ઘેર.
૨૮૨ ઘણની ચોરી ને સોયનું દાન.
૨૮૩ ઘરનું ભૂષણ નાર.
૨૮૪ ઘર ફૂટે ઘર જાય
૨૮૫ ઘરના દાઝ્યા વનમાં ગયા તો વનમાં લાગી લાય.
૨૮૬ ઘંટીના સો ને ઘંટાનો એક
૨૮૭ ઘર મેલ્યા ને દુઃખ વિસર્યા
૨૮૮ ઘર હોય ત્યાં બે વાસણ પણ ખડભડે
૨૮૯ ઘેર ઘેર માટીના ચુલા (હવે લોખંડના)
૨૯૦ ઘરડી ઘોડી ને લાલ લગામ
૨૯૧ ઘોડા દોડે ત્યાં કાનસરીનો ફેર પડે
૨૯૨ ઘરનો રોટલો બહાર ખાવો છે
૨૯૩ ઘીકેળાં છે
૨૯૪ ઘરશાહી પરોણો કે પરોણાશાહી ઘર?
૨૯૫ ઘડી બે ઘડીનો મહેમાન છે
૨૯૬ ઘા ભેગો ઘોદો
૨૯૭ ઘણી કીડીઓ સાપને તાણે
૨૯૮ ઘરણ ટાણે સાપ કાઢ્યો
૨૯૯ ઘોડાના ઘટે ને અસવારના યે ઘટે
૩૦૦ ઘર ઉખેળી જુવો ને વિવાહ માંડી જુવો

## સાચો મુમુક્ષુ કોણ ?

મુમુક્ષુનું સાચું લક્ષણ એકાગ્રતા છે, પરંતુ જેને પદાર્થોના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય થયો હોય તે જ એકાગ્રતા પ્રાપ્ત કરી શકે. પદાર્થોના સ્વરૂપનો નિશ્ચય શાસ્ત્રદ્વારા જ થઈ શકે; માટે શાસ્ત્રજ્ઞાન મેળવવાનો પ્રયત્ન સૌ પ્રયત્નોમાં ઉત્તમ છે.

શાસ્ત્રજ્ઞાન વિનાનો મુમુક્ષુ ન પોતાનું કે પરનું સ્વરૂપ સમજી શકે; અને જેને પદાર્થોના સ્વરૂપની સમજ નથી, તે કર્મોનો ક્ષય કેવી રીતે કરી શકે?

—શ્રીમાન્ કુંદકુંદાચાર્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સેવાધર્મ — દિગ્દર્શન

અહિંસાધર્મ, દયાધર્મ, દશલક્ષણધર્મ, રત્નત્રયધર્મ, સદાચારધર્મ અથવા હિંદુધર્મ, મુસલમાનધર્મ, ઇસાઇધર્મ, જૈનધર્મ, બૌદ્ધધર્મ ઇત્યાદિ ધર્મના નામોથી આપણે ઘણા પરિચિત છીએ. પરંતુ સેવાધર્મથી આપણે હજુ સુધી પણ અપરિચિત છીએ. આપણે પ્રાયઃ સમજતા પણ નથી કે સેવાધર્મ એ કોઇ ધર્મ છે અથવા પ્રધાનધર્મ છે. કેટલાએ તો સેવાધર્મને સર્વથા શુદ્રકર્મ માન્યો છે. તેઓ સેવકને ગુલામ સમજે છે અને ગુલામીમાં ધર્મ શું? તેથી તેની તદ્રૂપ સંસ્કારોમાં પળેલ બુદ્ધિ સેવાધર્મને કોઇ ધર્મ અથવા મહત્વનો ધર્મ માનવાને તૈયાર નથી. તેઓ સમજતા નથી કે એક ભાડુતી સેવક અનિચ્છાપૂર્વક મજૂરીનું કામ કરવાવાળો પરતંત્ર સેવક અને સ્વેચ્છાથી પોતાનું કર્તવ્ય સમજીને સેવાધર્મનું અનુષ્ઠાન કરવાવાળા અથવા લોકસેવા કરવાવાળા સ્વયંસેવકમાં કેટલું મોટું અંતર છે. એવા લોકો સેવાધર્મને કોઇ ધર્મની જ સૃષ્ટિ સમજે પરંતુ તે સમજવું યોગ્ય નથી. વાસ્તવમાં સેવાધર્મ સર્વ ધર્મોમાં ઓતપ્રોત છે અને સર્વમાં પ્રધાન છે. તેના વિના સર્વ ધર્મો નિષ્પ્રાણ છે, નિઃસત્ત્વ છે અને તેનું કંઇ પણ મૂલ્ય નથી, કારણ કે મન, વચન, કાયાથી સ્વેચ્છા એવં વિવેકપૂર્વક એવી ક્રિયાઓને છોડવી તે કોઇને માટે હાનિકારક હોય અને એવી ક્રિયાઓ કરવામાં જો ઉપકાર હોય તે તો સેવાધર્મ કહેવાય છે.

'મારાથી કોઇ જીવને કષ્ટ અથવા હાનિ નહિ પહોંચે, હું સાવદ્ય યોગથી વિરક્ત બનું છું' લોકસેવાની એવી ભાવના વિના અહિંસાધર્મ કંઇ પણ નથી રહેતો અને 'હું બીજાના દુઃખ-કષ્ટ દૂર કરવામાં કેવો પ્રવૃત્ત છું.' આ સેવાભાવનાનો જો દયાધર્મથી નીકાલ થઇ જાય તો શું અવશિષ્ટ રહેશે? તે સહૃદય પાઠક પોતે સમજી શકે છે. આ પ્રમાણે બીજા ધર્મોના હાલ છે. સેવાધર્મની ભાવનાને કાઢી નાખવાથી તે સર્વે થાંથા અને નિર્જીવ બની જાય છે. સેવાધર્મ જ તે સર્વેમાં, પોતાની માત્રાના અનુસાર પ્રાણ-પ્રતિષ્ઠા કરવાવાળો છે, તેથી સેવાધર્મનું મહત્ત્વ ઘણું વધ્યું છે અને તે એક પ્રકારે અવર્ણનીય છે. અહિંસાદિક સર્વ ધર્મો તેનું અંગ અથવા પ્રકાર છે અને સર્વમાં વ્યાપક છે. ઇશ્વરાદિકની પૂજા, ભક્તિ અને ઉપાસના પણ તેમાં ગર્ભિત છે. જો કે આપણા પૂજ્ય અને ઉપકારી પુરુષોની પ્રતિ કરવાનું આપણું કર્તવ્ય-પાલનાદિ સ્વરૂપે હોય છે, તેથી તેને 'દેવસેવા' પણ કહેવામાં આવે છે. કોઇ દેવ અથવા ધર્મપ્રવર્તકના ગુણોનું કીર્તન કરવું, તેના શાસનને સ્વયં માનવું, તેના સદુપદેશને જીવનમાં ઉતારવો અને તેના શાસનનો પ્રચાર કરવો એ સર્વે તે દેવ અથવા ધર્મપ્રવર્ત્તકની સેવા છે અને તેના દ્વારા આપણી તથા અન્ય પ્રાણીઓની જે સેવા થાય છે તે સર્વે તેનાથી ભિન્ન બીજી આત્મસેવા અથવા લોકસેવા છે. એ પ્રમાણે એક સેવામાં બીજી સેવાઓ પણ સામીલ હોય છે.

સ્વામી સમંતભદ્રે પોતાના ઇષ્ટદેવ ભગવાન મહાવીરના વિષયમાં પોતાની સેવાઓનો અને પોતાને તેની ફલપ્રાપ્તિનો જે ઉલ્લેખ એક પદ્યમાં કર્યો છે તે પાઠકોને જાણવા યોગ્ય છે અને તેથી દેવસેવાના થોડા પ્રકારોનો બોધ થશે અને સાથે એ પણ માલૂમ પડશે કે સાચા હૃદયથી અને પૂર્ણ તન્મયતા સાથે કરેલ વીર પ્રભુની સેવા કેવું ઉત્તમ ફળ આપે છે, તેથી તે પદ્યને તેના 'સ્તુતિવિદ્યા' નામક ગ્રંથ-(જિનશતક)માંથી અહીંયા ઉધ્ધૃત કરેલ છે.

सुश्रद्धा मम ते मते स्मृतिरपि त्वय्यर्चनं चापि ते,
हस्तावं जलये कथाश्रुतिरतः कर्णोऽक्षि संप्रेक्षते।
सुस्तुत्यां व्यसनं शिरोनतिपरं सेवेदृशी येन ते,
तेजस्वी सुजनोऽहमेव सुकृतं तेनैव तेजःपते!॥११४॥

આમાં બતાવ્યું છે કે— હે ભગવન્! આપના મતમાં અથવા આપના જ વિષયમાં મારી સુશ્રદ્ધા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંધશ્રદ્ધા નહિ. મારી સ્મૃતિએ પણ આપને પોતાનો વિષય બનાવ્યો છે. હું પૂજન પણ આપનું કરું છું. મારા હાથ આપને જ પ્રણામાંજલિ કરવા નિમિત્તે છે. મારા કાન આપની જ ગુણકથા સાંભળવામાં લીન રહે છે. મારી આંખો આપના જ રૂપને દેખે છે. મને જે વ્યસન છે તે પણ આપની જ સુંદર સ્તુતિઓ* રચવાનું છે અને મારું મસ્તક પણ આપને જ પ્રણામ કરવાને તત્પર રહે છે. આ પ્રકારની નાની–શી મારી સેવા છે. હું નિરંતર આપનું આ પ્રકારે સેવન કર્યા કરું છું એટલે હે તેજઃપતે ! ( કેવલજ્ઞાની સ્વામિન્ ! ) હું તેજસ્વી છું, સુજન છું અને સુકૃતિ ( ગુણવાન ) છું.

અહિંયા કોઇએ એમ સમજી લેવું ન જોઇએ કે સેવા તો મોટાઓની–પૂજ્ય પુરુષો અને મહાત્માઓની કરાય છે અને તેથી કંઇ ફળ પણ મળે છે. નાના, અસમર્થો અથવા દીન–દુઃખીયા આદિની સેવામાં શું ફાયદો છે, એમ સમજવું ભૂલભરેલું છે. જેટલા મોટા પૂજ્ય મહાત્મા અથવા મહાપુરુષ છે તે સર્વે નાના–અસમર્થો–અસહાય અને દીન–દુઃખીયાની સેવાથી જ થયા છે. સેવા જ સેવકને સેવ્ય બનાવે છે અથવા ઊંચે ચઢાવે છે અને તેથી એવા મહાન લોકસેવકોની સેવા અથવા પૂજાભક્તિનો એ અભિપ્રાય નહિ કે અમે તેના ખાલી ગુણગાન કર્યા કરીએ અથવા તેની ઔપચારિક સેવા–ચાકરીમાં જ લગાવી રાખીએ. તેને તો પોતાના વ્યક્તિત્વને માટે આપણી સેવાની જરૂરત પણ નથી. કૃતકૃત્યોને તેની જરૂરત પણ શું હોઇ શકે ? તેથી જ સ્વામી સમંતભદ્રે કહ્યું છે કે—" न पूजयार्थस्त्वयि वीतरागे " અર્થાત્ હે ભગવન ! પૂજા–ભક્તિથી આપને કોઈ પ્રયોજન નથી, કારણ કે આપ વીતરાગી છો. રાગનો અંશ પણ આપના આત્મામાં વિદ્યમાન નથી જેના કારણે આપ કોઇની પૂજાસેવાથી પ્રસન્ન થાવ છો.

* સમંતભદ્રના દેવાગમ, યુકત્યનુશાસન અને સ્વયંભૂ સ્તોત્ર નામની સ્તુતિઓ ઘણા જ મહત્વની એવં પ્રભાવશાલિની છે અને તેમાં સૂત્રરૂપે જૈનાગમ અથવા વીરશાસન ભરેલ છે.

વાસ્તવમાં એવા મહાન્ પુરુષોની સેવા–ઉપાસનાનો મુખ્ય ઉદ્દેશ ઉપકારસ્મરણ અને કૃતજ્ઞતાવ્યક્તિકરણની સાથે ' તદ્ગુણલબ્ધિ '–તેના ગુણની સંપ્રાપ્તિ હોય છે. એ વાતને શ્રી પૂજ્યપાદાચાર્યે ' સર્વાર્થસિદ્ધિ 'ના મંગલાચરણ ('मोक्षमार्गस्य नेतारं' ઇત્યાદિ) માં ' वंदे तद्गुणलब्धये ' પદદ્વારા વ્યક્ત કરેલ છે. તદ્ગુણલબ્ધિને માટે તદ્રૂપ આચરણની જરૂરત છે અને તેથી જે તદ્ગુણલબ્ધિની ઇચ્છા કરે છે તે પહેલાં તદ્રૂપ આચરણને અપનાવે છે. પોતાના આરાધ્યને અનુકૂલ વર્તન કરે છે અથવા તેમના પગલે ચાલવાનો પ્રારંભ કરે છે. તેમને માટે લોકસેવા અનિવાર્ય બની જાય છે. દીનો, દુઃખિતો, પીડિતો, પતિતો, અસહાયો, અસમર્થો, અજ્ઞો અને પથભ્રષ્ટોની સેવા કરવી એ તેમનું પહેલું કર્તવ્યકર્મ બની જાય છે. જો એવું ન કરે અથવા જે ઉક્ત ધ્યેયને સામે ન રાખીને ઇશ્વર–પરમાત્મા અથવા પૂજ્ય મહાત્માઓની ભક્તિના કોરા ગીત ગાય છે તે દંભી છે અથવા ઠગ છે. પોતાને તથા બીજાને ઠગે છે અને તે જડ મશીનોની પેઠે અવિવેકી છે કે જેને પોતાની ક્રિયાઓનું કંઇપણ રહસ્ય માલૂમ નથી હોતું અને તેથી ભક્તિના રૂપમાં તેની સારી ઉછલ–કૂદ તથા જયકારોના–જયજયના નાદનું કંઈપણ મૂલ્ય નથી. તે સર્વે દંભપૂર્ણ અથવા ભાવશૂન્ય હોવાથી બકરીના ગળામાં લટકતા રતનોની માફક નિરર્થક છે, હોય છે, તેનું કંઈપણ વાસ્તવિક ફળ નથી હોતું.

મહાત્મા ગાંધીજીએ ઘણી વખત એવા લોકોને ઉદ્દેશીને કહ્યું છે કેઃ–' તેઓ મારા મુખ પર થૂંકે તો સારું, જે ભારતીય થઇને પણ સ્વદેશી વસ્ત્ર નથી પહેરતા અને માથા પર ટોપી પણ વિદેશી વસ્ત્રની ધારણ કરીને મારી જય બોલે છે. એવા લોકો જેમ ગાંધીજીના ભક્ત અથવા સેવક નથી કહેવાતા બલ્કે મજાક ઉડાવવાવાળા લેખાય છે તેમ જે લોકો પોતાના પૂજ્ય મહાપુરુષોને અનુકૂળ આચરણ નથી કરતા, અનુકૂળ આચરણની ભાવના પણ નથી રાખતા–ખુશીથી વિરુદ્ધ આચરણ કરે છે અને એવા કુત્સિત આચરણ કરીને પણ પૂજ્ય પુરુષની વંદનાદિ ક્રિયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે તથા જય બોલે છે તેઓ તે મહાપુરુષના સેવક અથવા ઉપાસક નથી કહેવાતા. તેઓ પણ તે પૂજ્ય વ્યક્તિના ઉપહાસ કરવા-કરાવવાવાળા જ હોય છે અથવા એમ કહેવું પડશે કે તેઓ પોતાના તે આચરણથી જડ મશીનોની માફક સ્વાધીન નથી. અને એવા પરાધીનોનો કોઇ ધર્મ નથી હોતો. સેવા-ધર્મને માટે સ્વેચ્છાપૂર્વક કાર્ય કરવું આવશ્યક છે, કારણ કે સ્વપરહિત સાધનની દૃષ્ટિથી સ્વેચ્છાપૂર્વક પોતાનું કર્તવ્ય સમજીને જે નિષ્કામકર્મ અથવા કર્મત્યાગ કરવામાં આવે છે તે સાચો સેવાધર્મ છે.

પૂજ્ય મહાત્માઓની સેવાને માટે ગરીબો, દીન, દુ:ખિતો, પીડિતો, પતિતો, અસહાયો, અસમર્થો, અજ્ઞો અને પદભ્રષ્ટોની સેવા અનિવાર્ય છે. તે સેવાનું પ્રધાન અંગ છે. તેના વિના તે બનતી જ નથી ત્યારે એ નથી કહી શકાતું અને ન કહેવું પણ ઉચિત છે કે 'નાના અસમર્થોની સેવામાં શું ફાયદો છે?' તે સેવા તો અહંકારાદિ દોષો દૂર કરીને આત્માને ઉચ્ચ બનાવે છે. તે તદ્‌ગુણલબ્ધિના ઉદ્દેશને પૂરા કરવાવાળી છે અને દરેક પ્રકારે આત્મવિકાસમાં સહાયક છે તેથી પરમ ધર્મ છે અને સેવાધર્મનું પ્રધાન અંગ છે. જે ધર્મના અનુષ્ઠાનથી આપણને કંઈ પણ આત્મલાભ ન થાય તે તો વાસ્તવમાં ધર્મ જ નથી.

તેના સિવાય અનાદિકાલથી આપણે નિર્બળ, અસહાય, દીન, દુ:ખિત, પીડિત, પતિત, માર્ગચ્યૂત અને અજ્ઞ જેવી અવસ્થાઓમાં જ અધિકતર રહ્યા છીએ અને તે અવસ્થાઓમાં આપણે બીજાની ખૂબ સેવાઓ લીધી છે તથા સેવા-સહાયતાની પ્રાપ્તિને માટે નિરંતર ભાવનાઓ પણ કરી છે અને તેથી તે અવસ્થાઓમાં પડેલ અને દીન-દુ:ખી પ્રાણીઓની સેવા કરવી તે આપણું પરમ કર્તવ્ય છે, તેના પાલન માટે આપણે આપણી શક્તિને જરા પણ છુપાવવી ન જોઈએ. તેમાંથી જીવ ચોરવો અને આનાકાની કરવા જેવી કોઇ પણ વાત ન થવી જોઇએ. તેને યથાશક્તિ કર્તવ્યનું પાલન કહે છે.

[ ઉદ્ધરિત " અનેકાંત " ] ( ચાલુ )

## સાચા ત્યાગી અને નિ:સ્પૃહી ભક્ત બનો

લોકો કહે છે કે ભજનમાં ચિત્ત નથી ચોંટતું, એકાગ્રતા નથી થતી. એકાગ્રતા તે ક્યાંથી થાય? કૃપણ જીવરૂપી વાનર, જગતનાં પદાર્થો મૂઠીમાંથી તો છોડતો નથી ને પાછો એની એ જ મૂઠીમાં રામને પણ લેવા ઇચ્છે છે! રામ એવો ભોળો નથી કે એમ છેતરાય. રામ તો એને જ મળે છે કે જે હનુમાનની પેઠે હીરાના હારને ફેંકી કહે છે કે "જેમાં રામ નથી એવા આ ઇનામને હું શું કરું?"

પ્રભુને ભજતાં ભજતાં નિર્લજ્જ ચિત્ત મકાનમાં, ખાવા-પીવામાં, માલમત્તામાં ને માનાપમાનમાં ભમે છે. જ્યાં સુધી પદાર્થમાં સત્ય દૃષ્ટિ છે, અને એમાં ચિત્ત રમી રહ્યું છે ત્યાં સુધી ગમે તેટલું માથું ફોડશો તો પણ એ પદાર્થો પ્રાપ્ત થવાના નથી. અને કદાપિ પ્રાપ્ત થશે તો પણ સુખદાયી નહિ નિવડે. તમારા ચિત્તમાં જો પ્રભુનું મંદિર સ્થાપિત થાય તો પછી એવી કઈ આશા છે કે જે સ્વત: જ ફલિભૂત ન થાય?

—સ્વામી રામતીર્થ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માની ત્રણ અવસ્થા

લેખક—ચોકસી

સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં જ જીવનમાં અનેરો પલ્ટો આવે છે; કારણ કે એ વેળા સત્-અસત્ યાને ખરું-ખોટું પારખવાની શક્તિ પ્રાપ્ત થયેલી હોવાથી આત્મા સરલતાથી પોતાનો માર્ગ નિશ્ચિત કરી શકે છે. એથી ત્યારપછી શ્રીમદ્ આનંદઘનજી મહારાજે પણ ચોવીશીના પાંચમા સ્તવનમાં આત્મ-તત્ત્વની પિછાન અર્થે ટૂંકામાં મુદ્દાસર વાત રજૂ કરી છે. પાંચમા તીર્થપતિનું નામ સુમતિનાથજી છે અને અહીં પ્રાર્થનામગ્ન થનાર જીવડો પણ જાતજાતની સામાન્ય-તાઓ અને રંગબેરંગી મતાંતરોના હિંચોળે હીંચાઇ સમકિત પામ્યા પછી કંઇક કુમતિથી અળગો બની સુમતિ સુંદરીના સહવાસમાં આવ્યો છે એટલે બાહ્ય ભાવોની મથામણ છોડી દઇ, આડાઅવળા વાદોમાં અથડાવાનું તજી દઇ, આત્મ ઓળખ પ્રતિ વળ્યો છે. એને સુમતિના દાતાર એવા પંચમ પ્રભુનો સમાગમ દૂધમાં સાકર ભળ્યા જેવો થયો છે.

મંગળાચરણમાં જ એ વદે છે કે સ્વચ્છ એવા અરિસામાં જોનારનું જેમ આબેહૂબ પ્રતિબિંબ પડે છે એમ હે પ્રભુ! આપે પણ અઢારે દોષોનું નિકંદન જડમૂળથી કાઢેલું હોવાથી જે કૈવલ્યરૂપી અદ્વિતીય દર્પણની પ્રાપ્તિ થઇ છે એનાથી આપ તો ચૌદ રાજલોકના સર્વ ભાવો જાણી રહ્યા છો, પણ એમાં જોનાર યાને ડોકિયું કરનાર પણ સ્વજીવનની સાચી પીછાન કરી શકે છે એવી વિલક્ષણતા એ અનુપમ દર્પણમાં સમાયેલી છે. અન્ય દર્શનમાં આવું આશ્ચર્યજનક કેવળ-જ્ઞાનરૂપી દર્પણ ન હોવાથી મેં આપશ્રીના ચરણમાં આત્મસમર્પણ કરી, સ્વસ્વરૂપ અવલોકનાર્થે ઉદ્યુક્ત થવાનો નિશ્ચય કર્યો છે.

'સુમતિ ચરણ કજ આતમ અરપણા' એ સ્તવનની પ્રથમ લીંટી છે. વાત પણ સો ટચના સોના જેવી છે, કેમકે સ્વસ્વરૂપ ઓળખાણ વિના બહાર ડોકિયા મારવાથી માનવ જીવનનું રહસ્ય નથી તો પમાતું તેમ નથી તો એ જિંદગી મેળવ્યાનું કંઇ સાર્થક થતું. તેથી તો સહૃદયી ભક્તોએ સૌ પ્રથમ એ વાત તરફ જ મીંટ માંડી છે. એમાં જૈન કે જૈનેતરનો સમાવેશ થાય છે.

૧ જ્યાં લગી આતમા તત્ત્વ ચિન્ત્યો નહીં,
ત્યાં લગી સાધના સર્વ જૂઠી—નરસિંહ મહેતા

૨ ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના,
કરીએ કોટિ ઉપાયજી;
અંતર ઊંડી ઇચ્છા રહે,
તે કેમ તજાયજી, વેષ લીધો વૈરાગ્યનો—
નિષ્કુળાનંદ

૩ હરિનો મારગ છે શૂરાનો,
નહિ કાયરનું કામ જોને;
પરથમ પહેલું મસ્તક મૂકી,
વળતી લેવું નામ જોને.—કવિ પ્રીતમ.

૪ ચેતન! અબ મોહિં દર્શન દીજે.

× × ×

તુમ દર્શન બિનુ સબયા જૂઠી,
અંતર ચિત્ત ન ભીંજે.

× × ×

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અકળ અલખ પ્રભુ! તું સબ રૂપી,**
**તું અપની ગતિ જાને;**
**અગમ રૂપ આગમઅનુસારે,**
**સેવક સુજસ બખાણે.**--ઉ. યશોવિજયજી મહારાજ.

ઉપરના ટાંચણો સૌ કરણીમાં પ્રથમ કરણી આત્મ ઓળખવાની કથે છે. શ્રીમદ્ આનંદઘનજી મહારાજનું પગલું પણ એ દિશામાં છે.

આત્માના ત્રણ પ્રકાર છે: પ્રકાર પાડવાની કે ભેદ ગણવાની અન્ય રીતો કરતાં આ રીત વિલક્ષણ ને અનોખી છે. જગતના નાના-મોટા, કાળા-ધોળા, ધનિક-નિર્ધન, સમજુ-અભણ અથવા તો રાય-રંક આદિ જે દ્વંદ્વો છે એ સર્વમાં આ પ્રકારોનો પ્રવેશ છે. એના નામ (૧) બાહ્યાત્મા (૨) અંતરાત્મા અને (૩) પરમાત્મા. એની વ્યાખ્યા—

૧ 'આતમબુદ્ધે કાયાદિકે ગ્રહ્યો,
બહિરાતમ અઘરૂપ;'
૨ 'કાયાદિકનો હો સાખીધર રહ્યો,
અંતર આતમરૂપ..'
૩ 'જ્ઞાનાનંદે હો પૂરણ પાવનો,
વરજિત સકળ ઉપાધિ;
અતીંદ્રિય ગુણગણમણિ આગરુ,
એમ પરમાતમ સાધ.'

સંક્ષિપ્તમાં કરાયેલી ઉપરની વ્યાખ્યા જો યથાર્થ રીતે અવધારી લઇ, અહર્નિશ એ દૃષ્ટિ સન્મુખ રાખવામાં આવે તો અવશ્ય બેડો પાર થઇ જાય. એમાં જે વર્ગમાં નામ દાખલ કરાવવું હોય તેની સ્પષ્ટ રેખા દોરાયેલી છે. ગરીબ-તવંગર આદિના ભેદ એની આડે દીવાલ રચી શકતા નથી. જાતે જ પસંદગી કરવાની રહે છે.

જ્યાં સુધી કાયા યાને દેહને થતી રતિ-અરતિમાં જીવ આનંદ યા શોકનો અનુભવ કરે છે કિંવા જ્યાં લગી પૌદ્ગલિક ભાવોના લાભાલાભમાં મન તદાકાર બને છે ત્યાં લગી આત્મા બાહ્ય ભાવોમાં રમે છે અને તેથી તે 'બહિરાતમ'ના વર્ગમાં આવે છે. શરીરને થતાં સુખ-દુઃખ કે ઉપજતી બાધા-અબાધા જો બારિકાઇથી વિચારે તો પરસ્વભાવી છે; અને તે વાત યથાર્થ રીતે ત્યારે જ સમજાય કે આત્મા દ્રઢતાથી માને કે દેહ અને એમાં વાસ કરતો જીવડો જુદા છે, ઉભયના સ્વભાવમાં આસમાન જમીન જેટલું અંતર છે, કર્મરાજારૂપી પારધીએ-શીકારીએ આત્મરૂપ પક્ષીની મુગ્ધ દશાનો લાભ લઈ, ભિન્ન ભિન્ન કર્મોની જાળમાં ફસાવી, કલેવરરૂપી પિંજર આપી તેને એમાં પૂરેલ છે.

એક કવિએ ગાયું છે કે-

**પંખી વિના કોણ મ્હાલે ?**
**પાંજરીયામાં પંખી વિના કોણ મ્હાલે ?**

સુપ્રસિદ્ધ કવિ ડાહ્યાભાઇ ધોળશાજીએ પણ કહ્યું છે કે:--

**કાયા કાચો કુંભ છે, જીવ મુસાફર પાસ;**
**રહેશે ત્યાં લગી જાણજે, જ્યાં લગી શ્વાસોશ્વાસ**

ઉપરના વાક્યો એક જ ધ્વનિ કાઢે છે અને તે એટલો જ કે સાત ધાતુનું ખોળીયું એક ત્રીજી સત્તાના દબાણથી કોટે વળગેલી ઉપાધિ છે. એમાં વસનાર હંસલો જ્યાં સુધી મુગ્ધભાવે એને પોતાનું અંગ સમજે છે અને એને પ્રાપ્ત થતાં વિવિધ પ્રકારના અનુભવો પોતાને થાય છે એમ માને છે ત્યાં સુધી તે પહેલી ભૂમિકામાં જ રમણ કરે છે. એ પરત્વેનો ભેદ પામ્યા વિના બીજી ભૂમિકા લાભી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકાતી નથી જ. અંતર આતમરૂપ વર્ગમાં જવા સારુ નથી તો એણે કોઇ મ્હોટા પહાડ ઓળંગવાના કે નથી તો મહાન મહાસાગર તરવાના. કેવળ પુદ્ગળ અને ચેતન વચ્ચે જે અંતર રહેલું છે, ઉભયના જે ભિન્ન લક્ષણો છે તેની માત્ર ઓળખાણ કરી લઇ એ પર દૃઢ આસ્થા સ્થાપન કરવાની છે. સચરાચર જગતમાં જે કંઈ કાર્યવાહીઓ અહર્નિશ ચાલી રહી છે અને એમાં પોતાને જે કંઇ ભાગ ભજવવો પડે છે એમાંથી સાવ છટકી જવાનું ન બને; પણ એમાં જે રાચવા-માચવાપણું છે, જે લયલીનતા દાખવાય છે અથવા તો જે સ્વભાવવિસ્મૃતિ છે તે ત્યજી દઇ માત્ર સાક્ષીભાવ સ્વીકારાય તો સામે જ અંતરઆત્મત્વ ઊભું છે. જ્યાં લગી દેહમાં વસવાટ છે ત્યાં લગી કાર્યવાહી થતી રહેવાની, પણ એ વેળા ચેતને નીચેના દુહામાં દર્શાવેલ ભાગ ભજવવો ઘટે.

**સમકિતવંત જીવડો, કરે કુટુંબપ્રતિપાળ:**
**અંતરથી ન્યારો રહે, ધાવ ખીલાવત બાળ.**

એનું વર્તન બાળકની ધાવ જેવું હોય. ધાવ બાલકને ધવડાવે છતાં મનમાં સમજે છે કે બાળક પોતાનું નથી તેમ અંતરાત્મા અથવા તો કૃત્યાકૃત્યનો ભેદ જાણનાર આત્મા કરણી તો કરે છતાં એમાં તન્મય થઇને નહીં જ; કેવળ સાક્ષીરૂપે જ.

પરમાત્મભાવનું સ્વરૂપ તો ચોથી ગાથામાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે. સર્વ ઉપાધિઓમાંથી ને કર્મોની બધી આંટીઘુંટીમાંથી મુક્ત થઇ જ્ઞાનમય યાને સ્વસ્વરૂપમય આત્મા થાય એ અવસ્થાનું નામ જ પરમાત્મ દશા. પૂર્ણપણે કર્માવરણો ખસી ન જાય ત્યાં સુધી મૂળગુણની પ્રાપ્તિ—અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અને અનંત વીર્યરૂપ સ્થિતિ અસંભવિત છે. તેથી એ પાછળ પ્રયાસ ચાલુ રાખવાના છે. તેથી જ બહિરાતમપણું છોડી દઇ અંતરઆતમપણું ધારણ કરી આગે કદમ ભરવા એમાં જ શ્રેય છે. એ વાતની પ્રતીતિ યોગીરાજ નિમ્ન શબ્દોમાં કરાવે છે.

**આતમ અર્પણ વસ્તુ વિચારતાં**
**ભરમ ટળે મતિદોષ**
**પરમ પદારથ સંપત્તિ સંપજે**
**આનંદઘન રસ પોષ.**

## ક્રિયા વિનાની શ્રદ્ધા શા કામની?

**સર્વ** ભૂતપ્રાણીઓને ઇંદ્રિયોરૂપી ચક્ષુ છે, દેવોને અવધિજ્ઞાનરૂપી ચક્ષુ છે; કેવલજ્ઞાની મુક્તાત્માઓને સર્વતઃ ચક્ષુ છે અને મુમુક્ષુને શાસ્ત્રરૂપી ચક્ષુ છે.

જેની શ્રદ્ધા શાસ્ત્રપૂર્વક નથી તેને સંયમાચરણ સંભવી શકતું નથી, અને જે સંયમી નથી તે મુમુક્ષુ શાનો?

શ્રદ્ધા વિનાના માત્ર શાસ્ત્રજ્ઞાનથી મુક્તિ સંભવતી નથી; તેજ પ્રમાણે આચરણ વિનાની માત્ર શ્રદ્ધાથી પણ કાંઈ વળતું નથી.

શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણેમાં જે એકી સાથે પ્રયત્નશીલ છે, તથા જે એકાગ્ર છે તેનું શ્રમણપણું પરિપૂર્ણ કહેવાય છે.

**—શ્રીમાન કુંદકુંદાચાર્ય.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભુ મહાવીરે મોહમસ્ત જગતને ત્યાગધર્મ જ કેમ આપ્યો ?

[ એક ધર્માત્માની કરુણ આત્મકથા ]

લેખક : મુનિશ્રી હંસસાગરજી મહારાજ

સુજ્ઞ બન્ધુ ! દુઃખીનાં દિલને દિલાસો આપવાને બદલે સંતાપજનક કઠોર વચનો તું કેમ ઉચરે છે? સજ્જનની આ રીત નથી. કહ્યું છે કે–

तृणानि नोन्मूलयति प्रभञ्जनो ।
मृदूनि नीचैः प्रणतानि सर्वतः ॥
समुच्छ्रितानेव तरून्प्रबाधते ।
महान्महत्येव करोति विक्रमम् ॥

**અર્થ**—"ચારે બાજુથી નમન કરતાં કોમળ તરણાંઓને ઉખેડી નાખવા વાયરો કદી તકલીફ લેતો નથી. એ તો મોટાપણાંનો મદ ધારણ કરીને અક્કડ ઊભેલાં તરુઓને જ મૂળથી ઉખેડી નાખે છે; કારણ કે જે મહાન્ છે? તે મહાન્ પ્રતિ જ પરાક્રમ બતાવે છે." તું ભલે ધનવાન છો, પણ તારી મોટાઈ શેમાં છે તેનો વિચાર કર. જરા શાન્ત થા ! તને જો અવસર હોય તો મારી અતિ દુઃખગર્ભિત આત્મકથા કહેવા માગું છું. તું સાંભળીશ ?

કુંદનપુરમાં વસતાં લોકોથી કંટાળીને નિર્જન સ્થાનનો આશ્રય લઈ અનેક વૃક્ષની ઘટાથી મનોહર દેખાતાં સુંદર આમ્રવનમાં એક વૃક્ષ તળે રહેલી વિશાળ શિલા ઉપર ભાલે હાથ ટેકાવીને ગાઢ ચિંતામાં ગરકાવ થઇ બેઠેલા મનસુખે અશ્રુ ટપકતાં નેત્રે કહ્યું.

મારી અત્યંત ભૂલ થઇ. ભાઇ મનસુખ, મને માફ કર ! હું મારા સ્વભાવને વશ થઇ દુઃખીનાં દર્દ કળી શકયો નહિં. કહ્યું છે કે–

यः स्वभावो हि यस्याऽस्ति,
स नित्यं दूरतिक्रमः ।
श्वा यदि क्रियते राजा,
तत् किं नाश्नात्युपानहम् ॥ ? ॥ २ ॥

**અર્થ**—"જેનો જે સ્વભાવ હોય છે તે નિત્યને માટે જવો અતિ મુશ્કેલ છે. શ્વાનને કદી રાજા બનાવ્યો હોય તો પણ તે જુતીયાં ચાવવાનું ભૂલે ખરો ?" બલ્કે ન જ ભૂલે. તેમ હે ભાઇ, હું પણ એક વખત જન્મથી દીન અને તુચ્છ સ્વભાવનો હતો આજે શ્રીમંત થયો છતાં સંસ્કાર અને સ્વભાવે તો હું દરિદ્રી જ છું. મારા કઠોર વચનોને અંગે તને થતું દુઃખ હવે મને પણ ખેદ કરાવે છે. ગુસ્સાના આવેશમાં મારાથી યદ્વાતદ્વા બોલી જવાયું. હવે સાવધ રહીશ. સંસારની અનેક વિડંબનાઓને ઉલ્લંઘી જવામાં દીન અને દુઃખીજનોને થતી અનેક અકળામણોનો અને એને અંગે થતી ત્રિવિધ વિષમ વેદનાનો ઊકેલ દીનતાને અનુભવ્યા વિનાના ભવાભિનંદી લક્ષ્મીપુત્રોને શે થાય ?

લક્ષ્મીના મદમાં અંધ બનેલ આત્માઓ નિરાશ્રિત એવા દીન–દુઃખી પ્રત્યે શુભ લાગણી ધરાવવાને બદલે વિશેષ કરડા બનતા જોવાય છે. દીનને દેખી દયા દેખાડવાને બદલે એ ક્રૂરતા દેખાડે છે, એને તિરસ્કારે છે, હડધૂત કરે છે, યદ્વાતદ્વા બોલીને દીનોને એવા તો અકળાવી મૂકે છે કે સાચી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ રાવ કરવાનું એને સ્થાન જ રહેતું નથી. આશ્રિતોને આશ્રય આપવારૂપ ગૃહસ્થધર્મને પણ છુંદીને દીન-દુઃખીઓના અશ્રુ લુછવાને બદલે એને ખૂબ પરિતાપ આપે છે. કહ્યું છે કે-

**एहि गच्छ पतोत्तिष्ठ वद मौनं समाचर ॥**
**एवमाशाग्रहग्रस्तैः, क्रीडन्ति धनिनोऽर्थिभिः ॥३॥**

**અર્થ:**-"હું શેઠને અનુકૂળ વર્તીશ તો ઇચ્છિત આપશે એવો આશારૂપી ગ્રહ જેમને ગળી ગયેલો છે એવા અર્થીજનો-વડે-**અહ્યા** આમ આવ! જા અહિંથી દૂર જા! ખસ! આઘો પડ! નીચે પટકા! કેમ બેઠો છે? અહિંથી ઊઠ! બોલ તારે શું છે? થાપણ માગે છે? બોલ! આરડ્યા શું કરે છે? ચૂપ રહે ચૂપ! માથું ફેરવ્યું! વિગેરે સ્વચ્છંદી વદીને ધનવાનો ક્રીડા કરે છે!" ગરીબોને પણ પજવનાર પ્રાણીઓના કઠોર દિલમાં અતિ સુકોમળ એવી દયાનો વાસ જ શી રીતે સંભવે ? એવાઓ પણ વારે-તહેવારે તો દયાનો ડોળ કરતા દેખાતા હોવા છતાં ય એના વિચાર અને વર્તનના નીકટ અનુભવીને તો ચોક્કસ જ માલૂમ હોય છે કે એનામાં દયાની છાંટ પણ નથી. કર્મરાજાના ક્રૂર પંજામાં સપડાઈશ ત્યારે મારું શું થશે? એની વર્તમાનમાં પ્રાયઃ અમને વિચારણા ય સ્ફુરવી અશક્ય હોય છે. એવા પણ ઉદરં-ભરીઓ પુણ્યનાં મધુરાં ફળોને તો અહોરાત્ર ઇચ્છતા જ હોય છે, છતાં પણ નવું પુણ્ય પ્રાપ્ત કરવાની લેશ પણ પરવા કરતા નથી એ જ અતિ ખેદનો વિષય છે.

ભાઇ મનસુખ, મેં તો પૂર્વાવસ્થામાં સ્વયં દીનતા અનુભવી છે,તો પણ હું ધનના મદમાં ભાન ભૂલ્યો. આથી હું તો એવાઓ કરતાં ય અધમ ઠર્યો. ખરેખર, લક્ષ્મી જ એવી વસ્તુ છે કે તે ઘરમાં પેસતાંની સાથે મનુષ્યને પાછળથી લાત મારીને અક્કડ બનાવે છે, એટલે કે આંખો ઊંચી રખાવીને આદમીને છાતીભેર ચલાવે છે; અને વિદાય લે છે ત્યારે છાતીની લાત મારીને મનુષ્યને બેવડ વાળી દઇ નીચું જોતો કરી મૂકે છે. લક્ષ્મીનું 'દોલત' એવું નામ વિદ્વાનોએ આથી જ રાખ્યું હોય એમ જણાય છે. ભાઈ મનસુખ, વિશેષ રડીને મને પણ રડાવવા પહેલાં તારું રડવું હવે તો બંધ કરે તો જ મને ચેન પડે તેમ છે. ઊઠ ભાઈ, ઊઠ! અશ્રુ લુછી નાંખ! શાન્ત થા અને સામે જો! આ નજીકમાં જણાતા મહાન્ ગિરિના આભૂષણ સમા કુંજોને તૃપ્ત કરીને ચિત્તાકર્ષક ખળખળ એવા મધુર ધ્વનિવડે પ્રેક્ષકોને આહ્લાદ ઉપજાવવા માટે મંદમંદ વેગે સ્થંભાતાં અને પસાર થતાં ગિરિ નિર્ઝરણાંરૂપી પોતાનાં વ્હાલાં બાળોને પ્રેમાળ બાથમાં ઘાલીને દૂર દૂર વસતા જંતુઓ પ્રતિ ઉપકાર કરવા માટે અતિ વેગે ગમન કરતી આ ત્રિવેણી નદી કેવી ભવ્ય દેખાય છે ? વિશાળ બાહુરૂપ લીલાંછમ જણાતા તેણીના બંને તટો પણ જાણે તેણીએ પાંથજનોને વિશ્રામ કાજે આહ્વાન કરવા જ લંબાવ્યા હોય નહિં શું ? ચાલ ભાઇ, આપણે ત્યાં જઇને સ્નાન-પાન કરી સ્વસ્થ થઇએ. તારે વાત કરવામાં પણ તે પછી ખૂબ જ મજા રહેશે. અમાસનો તહેવાર હોવાને અંગે દુકાન પણ બંધ હોવાથી આજે મને પણ સંપૂર્ણ અવકાશ છે. ત્રણ ત્રણ દિવસથી સતત શોધ કરવા છતાં ય મનસુખનો પત્તો જ નહિં મળેલ હોવાથી અકળાઇ ગયેલા કુસુમે કહ્યું.

તું મહાન્ દિલનો અને ઉમદા દયાળુ સજ્જન છો તેની મને આજે જ ખબર પડી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તારા જેવા પુણ્યવાનના સમાગમથી હું મારા આત્માને ધન્ય માનું છું. જેના દિલમાં દયા નથી એ આત્માના વ્રત, તપ, જપ, નિયમ, દાન અને સંયમાદિ ખરેખર વૃથા જ છે. કહ્યું છે કેઃ–

> दयां विना देवगुरुक्रमार्चा-
> स्तपांसि सर्वेन्द्रिययन्त्रणानि ।
> दानानि शास्त्राध्ययनानि सर्वे,
> सैन्यं गतस्वामि यथा वृथैव ॥ ४ ॥

**અર્થઃ**—"સૈન્ય ઘણું વિશાળ હોય છતાં તેનો સ્વામી હાજર ન હોય તો સૈન્યનું બળ વૃથા થાય છે તેમ મનુષ્યના હૃદયમાં જગતના જંતુઓ પ્રત્યે જો દયારૂપ સ્વામી હાજર ન હોય તો તેનું દેવ અને ગુરુમહારાજના ચરણકમળની સેવા, વિધવિધ તપો, યમ અને નિયમોવડે કરીને સર્વ ઇન્દ્રિયોનું કરેલું દમન, અભય, સુપાત્ર કે અનુકંપા પ્રમુખ વિવિધ દાનો તથા શાસ્ત્રોના અધ્યયનોરૂપી વિશાલ સૈન્ય પણ વૃથા જ છે." ભાઇ કુસુમ, નદીમાંનાં સચિત્ત (જીવવાળાં) જળનો હું ઉપભોગ કરતો જ નથી. દયાળુ પરમાત્મા શ્રી જિનેશ્વર દેવોએ જળમાંનાં એકેક બિન્દુમાં કેવળજ્ઞાનવડે કરીને અસંખ્ય જીવો દીઠા તેમજ ઉપદિશ્યા છે. એ જીવો એવા તો કોમળ દેહને ધારણ કરે છે કે આપણા સ્પર્શમાત્રથી પણ તે નાશ પામે છે. ફક્ત એક જ આત્માને ધારણ કરનારા તેમજ નાશવંત એવા દેહને ટકાવવા માત્રમાં અસંખ્યાત જીવસમૂહના દેહને ધારણ કરી રહેલા જળનું સ્નાન કે પાન કરી લેવાની કલ્પના પણ દયાવાન આત્માઓને કંપાવી મૂકે તેમ છે. તું પણ એ વિચાર જ તજી દે એમ જ હું ઇચ્છું છું. કહ્યું છે કેઃ–

> प्राणा यथात्मनोऽभीष्टा, भूतानामपि ते तथा ।
> आत्मौपम्येन भूतेषु, दयां कुर्वन्ति साधवः ॥५॥

**અર્થ**—"જેવી રીતે પોતાના પ્રાણ પોતાને વહાલા છે તેવી જ રીતે પરપ્રાણીઓને પણ પોતાના પ્રાણ વ્હાલા જ છે એવું સમજીને ઉત્તમ આત્માઓ પોતાની ઉપમા ઘટાવીને જ પ્રાણીઓને વિષે દયા ધારણ કરે છે.' કલિકાલસર્વજ્ઞ ભગવાન શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય મહારાજા પણ પોતાના યોગશાસ્ત્ર નામના પ્રસિદ્ધ ગ્રંથમાં ફરમાવે છે કે–

> आत्मवत् सर्वभूतेषु, सुखदुःखे प्रियाऽप्रिये ॥
> चिन्तयन्नात्मनोऽनिष्टां,हिंसामन्यस्य नाचरेत् ॥६॥

**અર્થ**—"પોતાને જેનાથી સુખ કે દુઃખ થતું હોય, પોતાને જે પ્રિય કે અપ્રિય લાગતું હોય તે પરને પણ સુખ દુઃખ પ્રિય અને અપ્રિય છે એમ પોતાની માફક બીજા જીવોને વિષે પણ ચિંતવતો તું પોતાની હિંસા જેમ અનિષ્ટ માને છે તેમ અન્યની હિંસા પણ અન્યને અનિષ્ટ જ છે એમ ધારીને કદી હિંસા કરવી નહિ." ભાઇ કુસુમ, એ પાણીથી સર્યું. તારા મધુર આલાપે જ મને અપૂર્વ શાન્તિ આપી છે. હવે તારા સાથે છૂટા દિલે વાત કરવા હું સમર્થ થયો છું. પોતાનાં વ્હાલાં કુટુંબીઓને રડતાં મૂકીને ચાલી નીકળેલા મનસુખે જણાવ્યું.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રવાહના પ્રશ્નો

દર દશ દશ વર્ષના આંતરે ગણવામાં આવતું નવું વસ્તીપત્રક ગણવાનો સમય નજીક આવતો જાય છે.

સરકારીખાતા તરફથી વસ્તીપત્રક તૈયાર કરવા માટેની પ્રાથમિક તૈયારીઓ શરૂ થઇ ચૂકી છે, અને જુદા જુદા પ્રાન્તોમાં પેટા ઓફિસો પણ નિયુક્ત કરવામાં આવી છે.

ગયા વસ્તીપત્રકના આધારે આપણું સંખ્યાપ્રમાણ સાડાબાર લાખ ગણવામાં આવેલ જે વર્ષોના આપણા જૂના સંખ્યાબળ સાથે સરખાવતા ઘણું ઓછું માનવામાં આવે છે.

એક વાત આપણે કબૂલ કરીએ કે જૈનોની સંખ્યાનો ઉત્તરોત્તર હ્રાસ થતો આવે છે. અને આપણું સંખ્યાબળ ટકી રહે, તેમ જ તેમાં વૃદ્ધિ થાય તે માટે જુદા જુદા અનેક પ્રયાસો આપણે કરવાના રહે છે.

**આપણું અજ્ઞાન—**

પરંતુ બીજી રીતે વિચારતા, આપણી સંખ્યાનો વાસ્તવિક નોંધ આપણી પાસે નથી. આપણા જાહેર કાર્યકર્ત્તાઓનો એવો અભિપ્રાય છે કે વસ્તીપત્રકમાં જે સાડાબાર લાખની સંખ્યા નોંધવામાં આવેલ છે તે બરાબર નથી. વસ્તીપત્રક નોંધતી વખતે નોંધનાર અગર નોંધાવનારની ગફલત તેમાં થવા પામી હોય એ રીતની શંકાને આમાં સ્થાન છે.

ઓલઇન્ડીયા જૈન એસોશીએશનના આકોલાખાતેના મંત્રી મી. બી. એમ મહાજન પોતાના અનુભવથી જણાવે છે કે સી. પી. અને બીરારના જૈનોમાંનો મોટો ભાગ એવો છે કે જેઓને વસ્તીપત્રકમાં પોતાની વીગત કેવી રીતે નોંધાવવી તેનો ખ્યાલ હોતો નથી. તે સમયે તેઓ મારવાડી, વણિક, ગુજરાતી વગેરે વિશેષણો ધર્મના ખાનામાં લખાવે છે. કેટલાક ધર્મના ખાનામાં હિન્દુ શબ્દ લખાવે છે એટલે એવાઓની ગણત્રી હિન્દુ તરીકે થઇ જાય છે.

માત્ર સી. પી. કે બીરારની જ આ સ્થિતિ છે એમ નથી. સંસ્કારી પ્રદેશોમાં પણ આવી ભૂલો થવાના પ્રસંગો નોંધાયા છે. તેમ જ્યાં જૈનોની વસ્તી સારા પ્રમાણમાં છે અને જૈન–ધર્મના આંદોલનો જ્યાં હરહંમેશ તાજા હોય છે તેવા ગુજરાત, મુંબઇ ઇલાકો, મારવાડ વગેરે પ્રદેશમાં પણ કેટલાક સ્થાનો એવા છે કે ત્યાંના જૈનો, પોતાની જાતને જૈન તરીકે બહુ ઓછા પ્રમાણમાં ઓળખતા હોય છે. સામાન્ય રીતે જૈન ધર્મના સંસ્કારો મળવાની તક તેઓને સાંપડતી નથી, અને પોતાનો વ્યવહાર હિન્દુ ધર્મીઓ સાથે સંકળાએલ હોઇ એ સંસ્કારોથી સમય જતાં તેઓ જૈન તરીકે પોતાની જાતને ભૂલી જાય છે. આવો અજ્ઞાનવર્ગ પણ વસ્તીપત્રકની નોંધણી સમયે " જૈન " તરીકેનું સ્પષ્ટીકરણ કરવાનું સામાન્યતઃ ભૂલી જાય એ સ્વાભાવિક છે.

આમ જુદા જુદા અનેક કારણોને અંગે વસ્તીપત્રકમાં આપણે આપણું વાસ્તવિક તારણ મેળવી શકતા નથી. વસ્તીપત્રકની નવી નોંધણી સમયે આ પરિસ્થિતિમાં સુધારો કરવાની આપણને તક છે. એ માટે આજથી યોગ્ય પ્રવૃત્તિ કરવામાં આવે તો થોડા ઘણા અંશે જરૂર તેમાં સફળતા મળે.

**કેન્દ્રિત ધોરણે કાર્ય કરો—**

જૈન સમાજમાં જુદી જુદી દિશામાં સેવાકાર્ય કરતી સંસ્થાઓનું પ્રમાણ સામાન્ય રીતે સારી સંખ્યામાં છે અને પોતાને યોગ્ય લાગે તે દિશામાં દરેક સંસ્થાઓ ઓછો–વત્તો સેવાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફાળો નોંધાવતી પણ રહેલ છે. પરંતુ એક સરખુ આંદોલન હિન્દભરના જૈન સમાજમાં ફેલાવવું હોય, તો એક એકના સંકલનમાં કામ કરી શકે એવી કેન્દ્રિત પદ્ધતિએ કામ કરી શકાય તેવા વ્યવસ્થિત સંયોગોમાં આપણે નથી.

હિન્દી મહાસભાનું વ્યવસ્થા તંત્ર વિચારીએ. હિન્દના જુદા જુદા ભૌગોલિક સાનુકૂળતા પ્રમાણે વિભાગો પાડી, પ્રાન્ત-પ્રાન્તમાં મહાસભાએ પોતાના હાથ નીચે કાર્ય કરતી પ્રાંતિક સમિતિઓ સ્થાપી છે, અને આવી સમિતિઓ મુખ્ય ઓફિસના આદેશો ઝીલી પોતાના પ્રાન્તમાં આદેશોનો પ્રચાર કરે છે. અલબત્ત, અમુક પ્રમાણમાં આ પ્રાંતિક સમિતિઓ સ્વતંત્ર પણ છે પરંતુ હિન્દના સર્વ સામાન્ય પ્રશ્નો ચર્ચવામાં દરેક સમિતિઓ એક જ સરખા સૂરે કાર્ય કરે છે.

આપણી સંસ્થાઓ જો આ ધોરણે કાર્ય કરતી થાય તો આપણા અનેક પ્રશ્નોના ઊકલ બહુ જ ઓછા શ્રમે તરતમાં ઘણી સુંદર રીત આવી શકે,

વસ્તીપત્રકના પ્રશ્ન પ્રાન્ત-પ્રાન્તવાર ઉપાડી લેવામાં આવે, અને પોતાના પ્રાન્તમાં જ્યાં જ્યાં નોંધણીની વ્યવસ્થા થવાનો વધારે સંભવ હોય ત્યાં અગાઉથી સ્વયંસેવકો કે ઉપદેશકો પહોંચી જઇ ગેરસમજ દૂર કરે તો આપણું કાર્ય ઘણું સરળ થાય, એટલું જ નહિ પરંતુ આપણા સામાજિક, ધાર્મિક અને આર્થિક સંયોગોનું વાસ્તવિક પ્રતિબિંબ પાડતું જૈન સમાજનું વિગતવાર વસ્તીપત્રક બહુ અલ્પ સમય અને શ્રમના ભોગે આપણે પ્રાપ્ત કરી શકીએ. આપણી નબળાઇઓ, ભૂલાતો જતો જૈન ધર્મ, વિનાશ પામતા જિનાલયો, અને એવા અનેક નોંધવા જેવા સંયોગોનો આપણને પૂરેપૂરો ખ્યાલ આવે. આપણો કર્ત્તવ્ય માર્ગ ખુલ્લા સ્વરૂપમાં સમજી શકાય. આવા કેન્દ્રિત ધોરણથી પ્રાન્તવાર જૈન સંસ્થાઓ કાર્ય કરતી થઇ જાય તો શિક્ષણ, સમાજ, સાહિત્ય, અર્થશાસ્ત્ર અને એવા ઊકેલ માગતા અનેક મહત્વના પ્રશ્નોનો આપણે સહજમાં ઊકેલ લાવી શકીએ.

આમ કેન્દ્રિત ધોરણે સમાજની કાર્યવાહી ચલાવવાનો આદર્શ જેટલો ઉંચો, કાર્યસાધક અને અનિવાર્ય છે તેટલા પ્રમાણમાં તેની સાધના પણ કંઇક અંશે કઠિન છે. નજીકના ભવિષ્યમાં તરતમાં આ કેન્દ્રિત ધોરણ સ્થાપવાનું કદાચ અત્યારે અસંભવિત પણ ગણાય, એમ છતાં આ આદર્શને પહોંચી વળવાનું લક્ષબિન્દુ રાખવામાં આવે તો સમય જતાં આપણે ત્યાં પહોંચી શકીએ એ વસ્તુ પણ સહજ સત્ય છે.

**કાર્ય અપનાવવું જ પડશે—**

વસ્તીપત્રક નોંધવાનો સમય આવે ત્યાં સુધીમાં કેન્દ્રિત ધોરણે કાર્ય કરવાની પધ્ધતિ આપણે સાધી શકીએ તેમ ન હોઇએ, તો પણ એક નહિ તો બીજી રીતે આ કાર્યને વ્યવસ્થિત રીતે અપનાવવાનો વિચાર તો આપણે કરવો જ પડશે.

વસ્તીપત્રકની નોંધણીનો પ્રશ્ન કોઇ પણ જાતની ચર્ચાથી નિરાળો છે. સેવાભાવે કાર્ય કરતી કોઇ પણ સંસ્થાઓ કાર્ય ઉપાડી લેવામાં બેમત હોય, કે તે માટે તેનો કોઇ પણ પ્રકારનો વિરોધ હોય તેમ માનવાને પણ આપણી પાસે કારણો નથી. એટલે દરેક પ્રાન્તવાર, તે તે પ્રાન્તની સંસ્થાઓ એકત્રિત થઇ આ પ્રશ્ન ઉપાડી લે તો પણ ઘણું સારું પરિણામ આવી શકે. આવી સંસ્થાએ એક સંયુક્ત બોર્ડ સ્થાપી પોતાના વિભાગના ગામડે ગામડે વસ્તીપત્રકની નોંધણીથી થતી ગેરસમજ દૂર કરવા માટે યોગ્ય પ્રચારકાર્ય શરૂ કરે, જરૂર પડે તો પત્રિકાઓ કાઢે, અને એ રીતે વાતાવરણ સાનુકૂળ બનાવી શકે.

**આગેવાન સંસ્થાઓને—**

હિન્દના જૈન સંઘના પ્રતિનિધિત્વનો દાવો ધરાવતી શેઠ આ. ક. ની પેઢી, જૈન શ્વે. કોન્ફરન્સ, કે જૈન એસોશીએશન ઓફ ઇન્ડીયા જેવી સંસ્થાઓએ પણ આ દિશામાં યોગ્ય કાર્ય ઉપાડી લેવું ઘટે. જૈન સમાજને આપવા જેવી સૂચનાઓ તે

For Private And Personal Use Only

## મુનિરાજ શ્રી રંગવિજયજી મહારાજનો સ્વર્ગવાસ

મુનિરાજ શ્રી રંગવિજયજી મહારાજ સંસારીપણામાં લાઠીના વતની હતા. સં. ૧૯૪૩ માં તેઓશ્રીએ દીક્ષા લીધી હતી. પ્રાતઃસ્મરણીય શ્રી મૂળચંદજી મહારાજના શિષ્ય લબ્ધિવિજયજી મહારાજના તેઓ શિષ્ય હતા. તેઓ લાંબો સમય પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજશ્રીની સેવામાં રહ્યા હતા. છેલ્લા દશેક વર્ષથી તેઓ પાલીતાણા ઘોઘાવાળાની ધર્મશાળામાં હતા. છેલ્લા દોઢ વર્ષથી કેન્સરના દર્દથી તેઓ ઘેરાયલા હતા. તેઓ શુદ્ધ ચારિત્રવાન, કોઈપણ જાતના ઝગડાથી તદ્દન નિરાળા, શાંત સાધુ હતા. તેઓની માંદગી દરમ્યાન પાલીતાણાના શ્રી સંઘે ને ઘોઘાવાળી ધર્મશાળામાં રહેતા મુનિશ્રી માણેકવિજયજી મહારાજ વગેરે સાધુમહારાજાએ તેમની સેવા–ચાકરી અને વૈયાવચ્ચ સારી અને અનુકરણીય કરી હતી. તેઓના સ્વર્ગવાસથી જૈન સમાજને એક ચારિત્રપાત્ર સાધુની ખોટ પડી છે. તેઓ આશરે સીત્તેર વર્ષની ઉમ્મરે સ્વર્ગવાસી થયા છે. પરમાત્મા તેમના આત્માને અખંડ અને અનંત શાંતિ સમર્પે તેમ આ સભા પ્રાર્થના કરે છે.

---

આપ્યા કરે, અને વસ્તીપત્રકમાં સમાજની પરિસ્થિતિની વધુ વિગત મેળવવા માટે જરૂર હોય તો નોંધપત્રકમાં ખાનું વધારવા માટે કે નોંધનારાઓ વધારે ખાત્રી કરીને નોંધ કરે તે માટેનો જરૂરી બંદોબસ્ત સરકારી ઓફીસો સાથે પત્ર-વ્યવહાર કરીને કરી શકે.

આશા રાખીએ કે આ અગત્યના પ્રશ્ન તરફ બેદરકાર નહિ રહેતા લાગતા-વળગતાઓ પોતાની સેવાનો યોગ્ય ફાળો નોંધાવવા માટે તરતમાં તત્પર બને.

# સ મા ચા ર

## શેઠ શ્રી નાનચંદભાઈ કુંવરજીનો સ્વર્ગવાસ



શેઠ નાનચંદ કુંવરજી

શ્રી. નાનચંદભાઈ શહેર ભાવનગરની જૈન કોમમાં ઉત્સાહી કાર્યકર હતા. તેઓ આ સભાના ઉપપ્રમુખ હોવા ઉપરાંત અત્રેની ધી કટલેરી એસોશીએશનના પ્રમુખ અને શ્રી સંઘની શેઠ. ડોસાભાઈ અભેચંદની પેઢી, શ્રી ગોડીજી પાર્શ્વનાથની પેઢી, શ્રી વર્ધમાન તપ આયંબિલ ખાતું, જૈન ભોજનશાળા, પાંજરાપોળ, અને શ્રી લાભશ્રીજી શ્રાવિકાશાળા વગેરે સંસ્થાઓના સેક્રેટરી અને વીશાશ્રીમાળી ઘોઘારી જ્ઞાતિના શેઠ હતા. આ ઉપરાંત અનેક ખાતાઓમાં તેમની સેવાનો ઓછો વધતો હીસ્સો હતો.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવનગરના **જૈન** સંઘમાં તેઓ શાંતિની સાંકળરૂપ હતા. તેમની મિલનસાર ને શાંત પ્રકૃતિનો એવો પ્રભાવ હતો કે અત્રેની જ્ઞાતિના કજીયામાં કે કોઇ વખતે સંઘના કાર્યોમાં થતા મતભેદમાં બંને પક્ષોને સમજાવી, સાચા રસ્તા ઉપર લાવવા શકય પ્રયત્ન કરતાં ને તેમાં ઘણી વખત તેઓ સફળતા મેળવતાં.

તેઓશ્રીનો જન્મ સં. ૧૯૨૯ માં થયો હતો. ફક્ત પંદર દિવસની સામાન્ય માંદગી ભોગવી જીવનના અંત સુધી ધાર્મિક ભાવના સંપૂર્ણ રાખી સડસઠ વર્ષની ઉમ્મરે તેમના બહોળા કુટુંબની સુશ્રૂષા વચ્ચે ગયા માગશર શુદિ ૧૦ ના રોજ તેઓશ્રી સ્વર્ગવાસી થયા છે.

તેમના સ્વર્ગવાસને દિવસે આ સભાની ઓફિસ બંધ રાખવામાં આવી હતી, અને સભાની જનરલ મીટીંગે તેઓશ્રીના સ્વર્ગવાસના અંગે તા. ૨-૧-૪૦ ના રોજ દિલગીરીનો ઠરાવ પસાર કર્યો હતો.

તેઓશ્રીના સ્વર્ગવાસથી આ સભાને એક ઉત્સાહી કાર્યકરની ખોટ પડી છે. તેમના કુટુંબને દિલાસો આપવા સાથે સ્વર્ગસ્થના આત્માને પરમાત્મા શાંતિ અર્પે એમ આ સભા પ્રાર્થના કરે છે.

## શેઠ શ્રી નાનચંદ આણંદજીનો સ્વર્ગવાસ

શેઠ શ્રી નાનચંદભાઇ આણંદજી આ સભાના ઘણા વર્ષોથી લાઇફ મેમ્બર હતા. તેઓશ્રી અત્રેની દાણાપીઠમાં ખાંડના એક આગેવાન વેપારી હતા.

તેઓ શ્રદ્ધાળુ, માયાળુ, મિલનસાર ને શાંત પ્રકૃતિના હતા. તેઓના તરફથી દર વર્ષે મહા શુદિ પાંચમના રોજ શ્રી સંખેશ્વરા પાર્શ્વનાથને ધ્વજા ચઢાવવામાં આવે છે. તેઓ ફક્ત બાર દિવસની સામાન્ય માંદગી ભોગવી ગયા માગશર વદિ ૮ ના રોજ સ્વર્ગવાસી થવાથી આ સભાને એક સારા સભાસદની ખોટ પડી છે. તેમના કુટુંબને દિલાસો આપવા સાથે પરમાત્મા તેમના આત્માને શાંતિ અર્પે તેમ પ્રાર્થના કરીએ છીએ.

# સમાલોચના

**વૈરાગ્ય રસમંજરી**:—કર્તા આચાર્ય મહારાજ શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ ( શ્રી વિજય લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાલા ૭ મો ગ્રંથ ) વૈરાગ્યરસ ઉત્પન્ન કરનાર આ લઘુ ગ્રંથમાં પાંચ પ્રસ્તાવ આપવામાં આવેલા છે. જેમાં મનુષ્ય ભવની દુર્લભતા, સમ્યગ્ દર્શન સંબંધ અને સમ્યક્ત્વ લક્ષણ વિ. વિ. સંબંધી હકીકત સરલ સંસ્કૃત ભાષામાં આપવામાં આવેલી છે. સામાન્ય અભ્યાસીઓ પણ તે પઠન કરી શકે તેવી છે. ઊંચા કાગળો, સુંદર ટાઇપમાં પ્રતાકારે છાપવામાં આવેલી છે. કિંમત ૦-૨-૦ એ પ્રચાર કરવા માટે યોગ્ય છે. મળવાનું ઠેકાણું ચંદુલાલ જમનાદાસ શાહ, છાણી (વડોદરા સ્ટેટ).

## સદ્દગુણાનુરાગી શ્રી કર્પૂરવિજયજી લેખ સંગ્રહ ભા. ૧ લો.

પ્રકાશકઃ—શ્રી કર્પૂરવિજયજી સ્મારક સમિતિ: મુંબઇ

પૂજ્યપાદ પંન્યાસજી મહારાજ શ્રી પ્રીતિવિજયજી મહારાજશ્રીની પ્રેરણાથી સ્થપાયેલ શ્રી કર્પૂરવિજયજી સ્મારક સમિતિ તરફથી પ્રકાશિત થયેલ શ્રી કર્પૂરવિજયજી મહારાજનો લેખ સંગ્રહ ભા. ૧ લો એ નામના આ ગ્રંથમાં સરલ અને મનનીય લેખોનો સંગ્રહ છે. જુદા જુદા માસિકો-વર્તમાન પેપરોમાં છપાયેલ સ્વર્ગસ્થશ્રીના લેખોનો આ ગ્રંથમાં સંગ્રહ છે. આ ઉત્તમ ગ્રંથની કિંમત મુદ્દલથી પણ અર્ધી રાખવામાં આવેલી છે. કાચું પૂંઠુ પાંચ આના : પાકુ પૂંઠુ છ આના.

પ્રાપ્તિસ્થાનઃ—**શ્રી જૈન આત્માનંદ સભા**
**ભાવનગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતી ભાષાંતરના ગ્રંથો.

## ( મળી શકતા ગ્રંથોનું લીસ્ટ )

| | |
|---|---|
| શ્રી નવતત્ત્વનો સુંદર બોધ | ૦।।= |
| શ્રી જીવવિચાર વૃત્તિ | ૦।= |
| શ્રી દંડક વૃત્તિ | ૦।। |
| શ્રી નય માર્ગદર્શક | ૦।।= |
| શ્રી હંસવિનોદ | ૦।।। |
| કુમાર વિહારશતક | ૧।। |
| શ્રી જૈનધર્મ વિષયિક પ્રશ્નોત્તર | ૦।। |
| શ્રી આત્મવલ્લભ જૈન સ્તવનાવલી | ૦।= |
| શ્રી મોક્ષપદ સોપાન | ૦।।। |
| ધર્મબિન્દુ આવૃત્તિ બીજી | ૨) |
| શ્રી પ્રશ્નોત્તરપુષ્પમાળા | ૦।।।= |
| શ્રી શ્રાવકકલ્પતરૂ | ૦।= |
| શ્રી આત્મપ્રબોધ | ૨।। |
| જૈન ગ્રંથ ગાઇડ | ૧) |
| શ્રી નવાણું પ્રકારી પૂજા ( અર્થ સહિત ) | ૦।। |
| શ્રી સમ્યક્ત્વસ્વરૂપ સ્તવ | ૦। |
| શ્રી ચંપકમાળા ચરિત્ર | ૦।। |
| શ્રી સમ્યક્ત્વ કૌમુદી ભાષાંતર | ૧) |
| શ્રી પ્રકરણ પુષ્પમાળા ( દ્વિતીય પુષ્પ ) | ૦।। |
| શ્રી અધ્યાત્મમત પરીક્ષા | ૦। |
| શ્રી ગુરૂગુણમાળા | ૦।। |
| શ્રી શત્રુંજય તીર્થ સ્તવનાવલી | ૦।- |
| શ્રી જ્ઞાનામૃત કાવ્યકુંજ | ૦।। |
| શ્રી ઉપદેશસપ્તતિકા | ૧) |
| શ્રી પંચપરમેષ્ઠી ગુણરત્નમાળા | ૧।। |
| સુમુખનૃપાદિ ધર્મ પ્રભાવકોની કથા | ૧) |
| શ્રી નેમનાથ પ્રભુનું ચરિત્ર | ૨) |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૧ લો | ૨) |
| આદર્શ જૈન સ્ત્રીરત્નો | ૧) |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૨।। |
| શ્રી દાનપ્રદીપ | ૩) |
| શ્રી નવપદજી પૂજા ( અર્થ સહિત ) | ૧। |
| કાવ્યસુધાકર | ૨।। |
| શ્રી આચારોપદેશ | ૦।। |
| ધર્મરત્ન પ્રકરણ | ૧) |
| શ્રી પંચ પ્રતિક્રમણસૂત્ર (અર્થસહિત શાસ્ત્રી) | ૧।।। |
| શ્રી પંચ પ્રતિક્રમણસૂત્ર અર્થ સહિત (ગુ.) | ૧। |
| શ્રી આત્મવિશુદ્ધિ | ૦।= |
| કુમારપાળપ્રતિબોધ | ૩।।। |
| જૈન નરરત્ન " ભામાશાહ " | ૨) |
| આત્માનંદ સભાની લાયબ્રેરીનું અક્ષરાનુક્રમ લીસ્ટ | ૦।।।= |
| શ્રી વિમલનાથ ચરિત્ર | ૧।।। |
| શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર | ૧।।। |
| શ્રી પૃથ્વીકુમાર ચરિત્ર | ૧) |
| ધર્મપરીક્ષા | ૧) |
| શ્રી પ્રભાવક ચરિત્ર | ૨।। |
| જૈનધર્મ | ૧) |
| શ્રી દેવસીરાઇ પ્રતિક્રમણ અર્થ સહિત | ૦।।= |
| શ્રી સામાયિક સૂત્રાર્થ | ૦)=।। |
| શ્રીપાળરાજાનો રાસ, સચિત્ર (અર્થ યુક્ત) | ૨) |
| " " " રેશમી પુઠું | ૨।। |
| સતી સુરસુંદરી ચરિત્ર | ૧।। |
| સંવેગદ્રુમ કંદલી | ૦। |
| શત્રુંજયનો પંદરમો ઉદ્ધાર | ૦)= |
| " સોળમો ઉદ્ધાર | ૦। |
| શ્રી વીશસ્થાનક પૂજા અર્થ સહિત | ૦।।। |
| શ્રી તીર્થંકર ચરિત્ર | ૦।।= |
| કલિંગનું યુદ્ધ યાને મહારાજા ખારવેલ | |
| શ્રી મહાવીર જીવનચરિત્ર | ૩) |

**લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.


તૈયાર છે જલદી મંગાવો તૈયાર છે

છપાઈ ગયેલા નવા બે ગ્રંથો

## બૃહત્કલ્પસૂત્ર

ભા.૪થો ને ભા. ૫ મો મૂળ તથા સંસ્કૃત ટીકા સાથે

**કીંમત અનુક્રમે રૂા. ૬। અને ૫**

---

## શ્રી મહાવીર જીવનચરિત્ર.

### ( શ્રી ગુણચંદ્ર ગણિકૃત )

બાર હજાર શ્લોક પ્રમાણ મૂળ પાકૃત ભાષામાં વિસ્તારપૂર્વક, સુંદર શૈલીમાં આગમો અને પૂર્વાચાર્યોરચિત અનેક ગ્રંથોમાંથી દોહન કરી શ્રી ગુણચંદ્ર ગણિએ સં. ૧૧૩૯ ની સાલમાં રચેલો આ ગ્રંથ, તેનું સરળ અને ગુજરાતી ભાષાંતર કરી શ્રી મહાવીર જીવનના અમુક પ્રસંગોના ચિત્રોયુકત સુંદર અક્ષરોમાં પાકા કપડાના સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર કરી પ્રગટ કરવામાં આવ્યો છે.

અત્યાર સુધીમાં પ્રકટ થયેલ શ્રી મહાવીર ચરિત્રો કરતાં વધારે વિસ્તારવાળો, જીવનના અનેક નહિ પ્રકટ થયેલ જાણવા જેવાં પ્રસંગો, પ્રભુના પાંચે કલ્યાણકો, પ્રભુના સત્તાવીશ ભવોના વિસ્તારપુર્વક વિવેચન અને છેવટે પ્રભુએ સ્થળે સ્થળે આપેલ વિવિધ વિષયો ઉપર બોધદાયક દેશનાઓનો સમાવેશ આ ગ્રંથમાં કરવામાં આવેલ છે.

શ્રી મહાવીર પ્રભુના શાસનમાં આપણો **જૈન સમાજ** અત્યારે તેઓશ્રીના ઉપકાર નીચે છે, તેથી આ પ્રભુના જીવનચરિત્રનું મનનપૂર્વક વાચન, પઠનપાઠન, અભ્યાસ કરવો જ જોઇએ વધારે લખવા કરતાં અનુભવ કરવા જેવું છે. સુમારે છસેંહ પાનાનો આ ગ્રંથ મ્હોટો ખર્ચ કરી પ્રકટ કરવામાં આવેલો છે, કિંમત રૂા. ૩-૦-૦ પોસ્ટેજ જુદું.

લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

---

### નવીન ત્રણ ઉત્તમ ગ્રંથો નીચે મુજબના છપાય છે.

૧ કથારત્ન કોષ—શ્રી દેવભદ્રસૂરિકૃત

૨ ઉપદેશમાળા—શ્રી સિદ્ધર્ષિકૃત મોટી ટીકા

૩ શ્રી નિશિથ ચૂર્ણિંસૂત્ર ભાષ્ય સહિત.

---

### છપાતાં મૂળ ગ્રંથો.

१ धर्माभ्युदय ( संघपति चरित्र. ) ( મૂળ ) २ श्री मलयगिरि व्याकरण.

३ श्री वसुदेवहिंडि त्रीजो भाग. ४ पांचमो छट्ठो कर्मग्रन्थ.

५ श्री बृहत्कल्पसूत्र भाग ६

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**


આનંદ પ્રિન્ટીંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only